# GEOGRAPHY
OF
# THE WORLD.

# जगत्‌नी भूगोळ.

(ઍંગ્લો-ગુજરાતી પ્હેલા, બીજા
અને ત્રીજા ધોરણ માટે.)

આવૃત્તિ બીજી.

(ઘણા અગત્યના સુધારા સહિત).



[TO BE HAD FROM MR. N. N. MEHTÁ,
PANDOLE'S STREET, SURAT.
AND FROM MR. KARSONDAS NARANDAS,
BOOK-SELLER, NANAVAT, SURAT.]

સુરત:
"મિશન" છાપખાનામાં છપાઈ.
૧૮૯૦.



કિમ્મત ૪ આના.

# જગત્‌ની ભૂગોળ.

## ભૂગોળવિદ્યામાં વપરાતા શબ્દોની વ્યાખ્યા.

પૃથ્વીની સપાટી ઉપર પાણી તથા જમીન છે. તેમાં લગભગ પાભાગ જમીન છે અને પોણો ભાગ પાણી છે.

## જમીનના ભાગો.

જમીનના મુખ્ય ભાગો **ખંડ, દ્વીપ, દ્વીપકલ્પ, સંયોગીભૂમિ, ભૂશિર,** અને **પર્વત** છે.

ખંડ— જમીનના જે મોટા ભાગમાં ઘણા દેશો સમાયલા હોય તેને ખંડ કહેછે. જેવોકે, એશ્યાખંડ.

**દ્વીપ**— પૃથ્વીનો જે ભાગ ચોતરફ પાણીથી વિંટલાયલો હોય તેને **દ્વીપ,** ટાપુ અથવા બેટ કહેછે. જેવોકે, સિંહલદ્વીપ.

દ્વીપકલ્પ— જમીનનો ભાગ જે માત્ર થોડોકજ જમીન સાથે સંધાયલો હોય અને મોટો ભાગ પાણીથી વિંટલાયલો હોય તેને **દ્વીપકલ્પ** કહેછે. જેવોકે, ભરતખંડ.

સંયોગીભૂમિ— જમીનના બે મોટા ભાગને સાંધનારો જે જમીનનો નાનો ભાગ તેને **સંયોગીભૂમિ** કહેછે. જેવીકે, સુએઝની સંયોગીભૂમિ.

ભૂશિર— જમીનનો જે ભાગ સાંકડો થતો થતો સમુદ્રમાં જાયછે તેને ભૂશિર કહેછે. જેવીકે, કન્યાકુમારી.

પર્વત— જમીનનો ભાગ થોડો ઊંચો હોય તેને **ડુંગર** કહેછે, અને જમીનના વિશેષ ઊંચા ભાગને **પર્વત** કહેછે. જેવોકે, હિમાલય પર્વત.

જે પહાડમાંથી બળતું, ધૂમાડો વગેરે નીકળેછે તેને જ્વાળામુખી અથવા બળતો પહાડ કહેછે. જેવોકે, હેકલા.

## પાણીના ભાગો.

પાણીના મુખ્ય ભાગો મહાસાગર, સમુદ્ર, સરોવર, અખાત, ઉપસાગર, ખાડી, સામુદ્રધુની અને નદી છે.

**મહાસાગર**— ખારા પાણીના ઘણા મ્હોટા ભાગને **મહાસાગર** કહેછે. જેવોકે, **પાસિફિક** મહાસાગર.

**સમુદ્ર**— મહાસાગરથી નાના ખારા પાણીના ભાગને **સમુદ્ર** કહેછે. જેવોકે, **અરબ્બી સમુદ્ર.**

**સરોવર**— બધી તરફથી જમીનથી વિંટલાયલા પાણીના ભાગને **સરોવર** કહેછે. જેવું કે, **બેઈકલ.**

**અખાત**— પાણીનો ભાગ સાંકડો થતો થતો જમીન ઉપર ગયો હોય તેને **અખાત** કહેછે. જેવું કે, **ઈરાની અખાત.**

**ઉપસાગર**— અખાતનું મોં પ્હોળું હોય તેને **ઉપસાગર** કહેછે. જેવોકે, **બંગાળાનો ઉપસાગર.**

**ખાડી**— નદીના મુખમાં થઈ જે સમુદ્રનો પ્રવાહ જમીન ઉપર જાયછે તેને **ખાડી** કહેછે. જેવીકે, **ઈંગ્લિશ ચાનલ.**

**સામુદ્રધુની**— પાણીના બે મોટા ભાગને સાંધનારો જે પાણીનો નાનો ભાગ તેને **સામુદ્રધુની** કહેછે. જેવીકે, **પાક**ની સામુદ્રધુની.

**નદી**— મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઈ સમુદ્રને, સરોવરને, કે કોઈ બીજી નદીને જઈને મળેછે તેને **નદી** કહેછે. જેવીકે, **તાપી** નદી. જે જગ્યાએથી નદી નીકળેછે તે જગ્યાને તેનું **મૂળ** કહેછે. જે ઠેકાણે તે સમુદ્રને મળેછે તે ઠેકાણાને તેનું **મુખ** કહેછે.

ઉપર કહેલા પાણીના ભાગ અને જમીનના ભાગમાંના કેટલાક એકએકથી ઉલટાછે. જેવાકે, ખંડ અને મહાસાગર; દેશ અને સમુદ્ર; દ્વીપ અને સરોવર; દ્વીપકલ્પ અને અખાત અથવા ઉપસાગર; સંયોગીભૂમિ અને સામુદ્રધુની; ભૂશિર અને ખાડી.

## જમીન તથા પાણીના મોટા ભાગો.

પૃથ્વીની સપાટીના બે મોટા ભાગ કીધા છે તેને પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ કહેછે. પૂર્વ દિશા તરફ જે ગોળાર્ધ છે તેને પૂર્વ ગોળાર્ધ કહેછે અને પશ્ચિમ દિશા તરફ જે ગોળાર્ધ છે તેને પશ્ચિમ ગોળાર્ધ કહેછે.

જમીનના છ મોટા ભાગો છે. તેનાં નામ:—એશયા, યૂરપ, આફ્રિકા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને ઓશિઆનિઆ.

એશયા, યૂરપ અને આફ્રિકા એકએકની સાથે જોડાયલા છે અને તેઓ પૂર્વ ગોળાર્ધમાં આવ્યા છે. ઉત્તર અને દક્ષિણ અમેરિકા પશ્ચિમ ગોળાર્ધમાં છે. સને ૧૪૯૨ માં કોલમ્બસે અમેરિકા ખંડ શોધી કહાડયો. એ ખંડ મોડો જણાયલો છે તેથી એને નવી દુનિયા કહેછે.

ઓસ્ટ્રેલિઆનો મોટો બેટ અને પાસિફિક મહાસાગરમાં આવેલા નાના નાના બેટો મળીને જે સમૂહ થાયછે તેને ઓશિઆનિઆ કહેછે.

જમીન ઉપર જે પાણી છે તેના પાંચ મોટા ભાગો કીધા છે. તેનાં નામ પાસિફિક મહાસાગર, હિંદી મહાસાગર, આટલાન્ટિક મહાસાગર, ઉત્તર મહાસાગર અને દક્ષિણ મહાસાગર.

પાસિફિક મહાસાગર એશયા અને અમેરિકાની વચ્ચે છે; હિંદી મહાસાગર એશયાની દક્ષિણે છે; આટલાન્ટિકની એક તરફ યૂરપ અને આફ્રિકા છે અને બીજી તરફ અમેરિકા છે. ઉત્તર મહાસાગર ઉત્તર ધ્રુવની આસપાસ છે અને દક્ષિણ મહાસાગર દક્ષિણ ધ્રુવની આસપાસ છે.

# एश्याखंड.

## સામાન્ય વર્ણન.

**સીમા**—ઉત્તરે, ઉત્તર મહાસાગર; પૂર્વે, પાસિફિક મહાસાગર; દક્ષિણે, હિંદીમહાસાગર; પશ્ચિમે, રાતો સમુદ્ર, સુએઝની સંયોગીભૂમિ, ભૂમધ્ય સમુદ્ર, આર્કિપેલેગો, માર્મોરાનો સમુદ્ર, કાળો સમુદ્ર, કોકેસસ પર્વત, કાસ્પિઅન સમુદ્ર, ઉરલ નદી અને ઉરલ પર્વત.

એશ્યાખંડ સૌ ખંડોથી મ્હોટો છે. એની પૂર્વ પશ્ચિમ લંબાઇ આસરે ૬૭૦૦ માઇલ છે; ઉત્તર દક્ષિણ પહોળાઈ આસરે ૫૩૦૦ માઇલ છે.

**સમુદ્ર, અખાત અને ઉપસાગર**—**ઓબી** અને **યેનિસીનાં** અખાત, સૈબીરિઆની ઉત્તરે. **અનાદિરનું** અખાત, **બ્હેરિંગ** સમુદ્ર, **ઓખોટસ્કનો** સમુદ્ર, **કામચાટકાનો** સમુદ્ર, **તાર્તારિનું** અખાત, **જાપાની** સમુદ્ર, **પીળો** સમુદ્ર, **ચીનાઈ** સમુદ્ર, **ટોંકીનનું** અખાત અને **શ્યામનું** અખાત, એ સર્વે પાસિફિક મહાસાગરમાં છે. **માર્ટાબાનનું** અખાત, **બંગાળાનો** ઉપસાગર, **અરબી** સમુદ્ર, **ઓમાનનું** અખાત, **ઈરાની** અખાત, **રાતો** સમુદ્ર, એ સર્વે હિંદીમહાસાગરમાં છે. **આર્કિપેલેગો**, **માર્મોરા** અને **કાળો** સમુદ્ર, એ ભૂમધ્ય સમુદ્રમાં છે.

**સામુદ્રધુની**—**બાબલ માંડબની** સામુદ્રધુની **રાતો** સમુદ્ર અને હિંદીમહાસાગરને જોડેછે; **ઓર્મઝની** સામુ૦ ઈરાની અખાત અને હિંદીમહાસાગરને જોડેછે; **પાકની** સામુ૦ ભરતખંડ અને સિંહલદ્વીપની વચ્ચે; **મલાક્કાની** સામુ૦ મલાક્કા અને સુમાત્રાની વચ્ચે; **સાંડાની** સામુ૦ સુમાત્રા અને જાવાની વચ્ચે; **મેકેસારની** સામુ૦ બોર્નિયો અને સેલિબિસની વચ્ચે; **કોરીઆની** સામુ૦ પીળો સમુદ્ર તથા જાપાની સમુદ્રને જોડેછે; **બ્હેરિંગની** સામુ૦ એશ્યા અને અમેરિકાની વચ્ચે છે.

**ભૂશિર**— **સેવેરો**, સૈબીરિઆની ઉત્તરે; **પૂર્વ ભૂશિર**, બેહેરિંગની સામુદ્રધુની આગળ; **લોપાટકા**, કામચાટકાની દક્ષિણે; **કેમ્બોડીઆ**, **રોમાનિયા**, અને **નીગ્રેસ**, પૂર્વહિંદીચીનમાં; **કન્યાકુમારી**, ભરતખંડની દક્ષિણે. **રાસલહદ**, અર્બસ્તાનની પૂર્વે; **બાબા**, એશ્યાઈ તુર્કસ્તાનની પશ્ચિમે.

**દ્વીપો**— **સાઈપ્રસ** ( અંગ્રેજનો ) અને **રોડઝ**, ભૂમધ્ય સમુદ્રમાં; **લક્ષદ્વીપ** અને **માલદ્વીપ**, અરબ્બી સમુદ્રમાં; **સિંહલદ્વીપ** (લંકા), ભરતખંડની દક્ષિણે; **આન્દામાન** અને **નિકોબાર**, બંગાળાના ઉપસાગરમાં; **સુમાત્રા**, **જાવા**, **બોર્નિયો**, **સેલિબિસ**, **મોલક્કા** અથવા **મસાલાના** દીપો, **ફિલિપ્પાઈન**, એ મલાયાના દીપકલ્પમાં; **હૈનાન**, ચીનની દક્ષિણે; **ફોર્મોસા**, **જપાન** દીપો, ચીનની પૂર્વે; **સગેલિયન** બેટ, તાર્તરિનું અખાત અને ઓખોટસ્કના સમુદ્રની વચ્ચે; **એલ્યૂશન**, કામચાટકા અને અમેરિકાની વચ્ચે; **લીઆકોવ** અથવા **ન્યૂ સેબીરિઅનસમૂહ**, ઉત્તર મહાસાગરમાં.

**દ્વીપકલ્પો**—**એશ્યામાઈનોર**, પશ્ચિમમાં; **અર્બસ્તાન**, **ભરતખંડ** અને **હિંદીચીન**, દક્ષિણમાં; **કોરીઆ** અને **કામચાટકા**, પૂર્વમાં; **મલાયા**, ભરતખંડની પૂર્વે.

**પર્વતો**—**હિમાલય** (દુનિયામાં સૌથી ઊંચો), ભરતખંડની ઉત્તરે; **આલ્તાઈ**, સૈબીરિઆની દક્ષિણે; **થીઆનશાન**, પૂર્વ તુર્કસ્તાનમાં; **કોકેસસ**, કાળા સમુદ્ર અને કાસ્પિઅન સમુદ્રની વચ્ચે; **ઊરલ** પર્વત, એશ્યાઈ રૂશ્યા અને યૂરપી રૂશ્યાની વચ્ચે; **તૌરસ**, એશ્યાઈ તુર્કસ્તાનમાં; **એલ્બુર્ઝ**, ઈરાનમાં; **હિંદુકુશ**, અફઘાનીસ્તાનમાં; **કારાકોરમ** અને **કુએનલુન**, ટિબેટમાં; **પેલિંગ**, **યુનલિંગ**, **નાનલિંગ**, ચીનમાં.

**સરોવરો**— **કાસ્પિઅન** સમુદ્ર (દુનિયામાં સૌથી મોટું ખારા પાણીનું

સરોવર), ઇરાનની ઉત્તરે; એરલ, કાસ્પિઅન સમુદ્રની પૂર્વે; બેઈકલ (એશ્યામાં સૌથી મોટું મીઠા પાણીનું સરોવર) અને બાલકશ, સૈબીરિઆમાં; વાન, ટઝલાગોલ, મૃતસરોવર, એ એશ્યાઈ તુર્કસ્તાનમાં છે; ઉરૂમીઆ અને બખ્તેગાન, ઇરાનમાં; સીસ્તાન અથવા ઝૂરા, અફઘાનીસ્તાનમાં; લોબનોર, પૂર્વ તુર્કસ્તાનમાં; ટેંગ્રિનોર, પાલ્ટિ અને માન સરોવર, ટિબેટમાં છે.

નદીઓ—ઓબી, યેનિસી, અને લીના, આલ્તાઇ પર્વતમાંથી નીકળી ઉત્તર મહાસાગરમાં પડેછે; ઊરલ, સૈબીરિઆની નૈઋત્યે, એ કાસ્પિઅન સમુદ્રમાં પડેછે; યુફ્રેટિઝ અને તૈગ્રિસ, એશ્યાઈ તુર્કસ્તાનમાં, એ ઇરાની અખાતમાં પડેછે; સિંધુનદ, ભરતખંડમાં, એ હિમાલય પર્વતમાંથી નીકળી અરબ્બી સમુદ્રને મળેછે; મહી, નર્મદા અને તાપી, ભરતખંડમાં, ખંભાતના અખાતને મળેછે. બ્રહ્મપુત્ર, ગંગા, મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, એ ભરતખંડમાં છે અને બંગાળાના ઉપસાગરમાં પડેછે; ઈરાવતી, બ્રહ્મદેશમાં, માર્ટાબાનના અખાતને મળેછે; હોઆંગહો અને યાંગ્સીકયાંગ, ચીનમાં, ચીનાઈ સમુદ્રને મળેછે; આમૂર અથવા સગેલિયન, મંગૂરીઆ અને એશ્યાઈ રૂશ્યાની વચ્ચે, એ તાર્તારિના અખાતને મળેછે. સરદરીઆ અથવા જગ્ઝાર્ટિસ, એશ્યાઈ રૂશ્યામાં, અને આમૂદરીઆ અથવા ઓક્સસ, પશ્ચિમ તુર્કસ્તાનમાં, બન્ને એરલ સરોવરમાં પડેછે.

# એશ્યાખંડના રાજકીય વિભાગો.

| દેશો તથા વિભાગો. | રાજધાની. | મુખ્ય શેહેરો. |
|---|---|---|
| ૧ **બ્રિટિશ ભરતખંડ** | કલકત્તા ... | ભરતખંડમાં જુઓ. |
| ભરતખંડ (અંગ્રેજના રક્ષણતળે) ... | | ” |
| સિહુલદ્વીપ (લંકા)... | કોલમ્બો ... | કાંડી, ગેલી, ટ્રિંકોમાલિ. |
| સ્વતંત્ર પહાડી રાજ્યો | | |
| નેપાળ ... ... | ખટમંડુ ... | લલિતપટ્ટણ, ગુરખા, મકવાનપુર. |
| બૂતાન ... ... | ટાસીસ્યૂડન | પનાખા. |
| બ્રહ્મદેશ ... ... | માંડલે ... | આવા, અમરપુર, ભામો. |
| આરાકાન ... | અકીઅબ | આરાકાન, ચિતાગોંગ. |
| પેગુ ... ... | પેગુ ... | રંગુન, પ્રોમ, બસીન. |
| ટિનાસરીમ ... | મોલમીન... | માર્ટાબાન, આમ્હર્સ્ટ, મર્ગિ, ટિનાસરીમ. |
| સ્ટ્રેઈટસસેટલમેન્ટસ. | | |
| પિનાંગ (પ્રિન્સ ઓવ્ વેલ્સ) ... | જ્યોર્જટાઉન | |
| પ્રોવિન્સ વેલ્સલિ ... | | |
| મલાક્કા ... ... | મલાક્કા ... | |
| સિંગાપુર ... ... | સિંગાપુર ... | |
| ૨ **તુર્કસ્તાન**(એશ્યાનું) | સ્મર્ના ... | એફીસસ, સીનોપ, બ્રૂસા, ટાર્સસ, અંગોરા, કોનીએ, મોસલ, બગદાદ, ડમાસ્કસ, બીરૂટ, ટાયર, એકર, જેરૂસલેમ, જાફા. |
| ૩ **અર્બસ્તાન** ... | | |
| શુદ્ધ અર્બસ્તાન ... | મકલ્લા, મસ્કત | એડન (અંગ્રેજનું). |
| તુર્કિ અર્બસ્તાન ... | મક્કા ... | મદીના, જીદ્દા, મોખા, યેમ્બો. |

| | | |
|---|---|---|
| ૪ ઈરાન ... ... | તેહરાન ... | ટેબ્રિઝ,ઊરૂમીઆ,રેશ્ટ,આસ્ત્રાબાદ, બુશીર,શિરાઝ, ઈસ્પહાન. |
| ૫ અફઘાનીસ્તાન.. | કાબૂલ ... | હેરાત, કંદહાર, ગીજની, જલાલાબાદ. |
| ૬ બલુચિસ્તાન ... | ખિલાત ... | ગંડાવા, સોનમીઆની. |
| ૭ હિંદીચીન ... | | |
| શ્યામ ... ... | બાંકોક ... | |
| આનામ ... ... | | |
| ટોંકીન ... ... | કેશો ... | |
| કોચીનચીન ... | હ્યૂ... ... | |
| કેમ્બોડીઆ ... | પેનોમ્પીંગ | યૂડોંગ. |
| ફ્રેન્ચકોચીનચીન.... | સાઈગોન... | |
| ૮ ચીનાઈ રાજ્ય ... | | |
| શુદ્ધ ચીન ... ... | પેકિન ... | નાનકીન, હેંકાઉ, એમાય,ફુચ્યુ, નિંગપો,શેંઘાઈ,સ્વાટો,કંતાન(છ બંદરો). |
| ટિબેટ ... ... | લાસા ... | |
| પૂર્વ તુર્કસ્તાન ... | યાર્કંડ ... | કાશ્ગર. |
| મંગોલીઆ... ... | અર્ગા ... | |
| મંચૂરીઆ... ... | કીરીનુલા. | સગેલિયનુલા, મુકદન. |
| કોરીઆ ... ... | કિકિટાઉ... | |
| ૯ જાપાન ... ... | ટોકીઓ(યેડો | હાકોડેટ, ઓસાકા, નાગાસાકી, [યોકોહામા. |
| ૧૦ રૂશ્યાનું રાજ્ય... | | |
| સૈબીરિઆ... ... | ટોબોલ્સ્ક... | યાકુટસ્ક,ઓખોટસ્ક,પેટ્રોપોલોવ્સ્કી. |
| રૂશ્યાઈ તુર્કસ્તાન ... | ખોકન ... | ખોજંડ, ટાશ્કંડ. |
| કોકેસસ પ્રાંતો ... | ટિફ્લિસ ... | એરિવાન, કાર્સ. |
| ૧૧ સ્વતંત્ર તુર્કસ્તાન | બોખારા... | ખિવ, મર્વ. |
| ૧૨ મલેશ્યા... ... | બટેવીઆ... | માનિલા (ફિલિપ્પાઈન બેટનું). |

# એશ્યાખંડનું વિશેષ વર્ણન.

## ભરતખંડ.

**સીમા વગેરે**—ભરતખંડ, એ દક્ષિણ એશ્યાની વચ્ચે દ્વીપકલ્પ છે. એની ઉત્તરે, હિમાલય પર્વત; પૂર્વે, બ્રહ્મદેશ અને બંગાળાનો ઉપસાગર; દક્ષિણે, હિંદીમહાસાગર, પશ્ચિમે, અરબ્બી સમુદ્ર, બલુચિસ્તાન, અને અફઘાનીસ્તાન. એની ઉત્તર દક્ષિણ વધારેમાં વધારે લંબાઈ ૧૯૦૦ માઈલ છે અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૧૮૦૦ માઈલ છે. એની કુલ વસ્તી ૨૫॥ ક્રોડને સુમારે છે.

**કુદરતી ભાગો**—હિમાલયની તળેટીનો પ્રદેશ, ગંગાનો પ્રદેશ, સિંધુનદનો પ્રદેશ, દક્ષિણ અને બ્રહ્મદેશ.

**દ્વીપો**—સિંહલદ્વીપ (લંકા), દક્ષિણે; આન્દામાન (મુ૦ શે૦ પોર્ટબ્લેર, અહીં ગુન્હેગારોને કાળે પાણી ચડાવેછે), નિકોબાર અને મર્ગ્વિ આર્કિપેલેગો, બંગાળાના ઉપસાગરમાં; લક્ષદ્વીપ અને માલદ્વીપ, અરબ્બી સમુદ્રમાં.

**દ્વીપકલ્પો**—કાઠીઆવાડ, કચ્છ અને ખંભાતનાં અખાતની વચ્ચે; મલાચા, ભરતખંડની છેક પૂર્વે.

**ભૂશિરો**—મોન્ઝ, સિંધની પશ્ચિમે; દીવ, કાઠીઆવાડની દક્ષિણે; કન્યાકુમારી, ભરતખંડની દક્ષિણે; ડંડ્રા, સિંહલદ્વીપની દક્ષિણે; પેડ્રો, સિંહલદ્વીપની ઉત્તરે; દિવે અને કેલિમીર, કોરોમાન્ડલ કિનારે; પાલમાયરાસ, ઓરિસ્સાની પૂર્વે; નાગ્રેસ, પેગુની નૈરૂત્યે.

**પર્વતો**—હિમાલય (એવરેસ્ટ, સૌથી ઊંચું શિખર, ઊંચાઈ ૨૯૦૦૦ ફીટ), ભરતખંડની ઉત્તરે; શિવાલિક, ગંગા અને બીઆસની

વચ્ચે; કારાકોરમ, કાશ્મીરની ઉત્તરે; સુલેમાન, પંજાબની પશ્ચિમે; હાલા, સિંધની પશ્ચિમે; અરવલિ (મુખ્ય શિખર આબુ), રજપૂતાનામાં; વિંધ્યા, નર્મદા નદીની ઉત્તરે; સાતપૂડા, નર્મદાની દક્ષિણે; નીલગિરિ, મૈસૂરની દક્ષિણે, પશ્ચિમ ઘાટ અથવા સહ્યાદ્રિ, દક્ષિણની પશ્ચિમે; પૂર્વઘાટ, દક્ષિણની પૂર્વ હદ.

સમુદ્ર, અખાત, સામુદ્રધુની વગેરે—અરબ્બી સમુદ્ર; કચ્છનું અખાત અને ખંભાતનું અખાત, પશ્ચિમે; બંગાળાનો ઉપસાગર, પૂર્વમાં; માર્ટાબાનનું અખાત, બ્રિટિશ બ્રહ્મદેશમાં; મનારનું અખાત અને પાકની સામુદ્રધુની, સિંહલદ્વીપ અને ભરતખંડની વચ્ચે.

સરોવરો— ચિલ્કા, ઓરિસ્સાને કિનારે; કોલાર (મીઠા પાણીનું), ગોદાવરી અને કૃષ્ણાની વચ્ચે; પુલિકટ, કોરામાંડલ કિનારે; સાંભર (સૌથી મોટું) અને સર, રજપૂતાનામાં; મંચૂર, સિંધમાં; વુલાર, કાશ્મીરમાં.

નદીઓ—બ્રહ્મપુત્ર, એ હિમાલય પર્વતમાંથી નીકળી ગંગાના પૂર્વમુખ સાથે મળી બંગાળાના ઉપસાગરમાં પડેછે. ગંગા, એ હિમાલય પર્વતમાંથી નીકળી બંગાળાના ઉપસાગરમાં પડેછે. એની સૌથી મોટી શાખા જમના છે, તે અલાહાબાદ આગળ એને મળેછે. ગોગ્રા, રામગંગા, ગોમતી, ગંડક, કુશી, અને સોન એ ગંગાની બીજી શાખાઓ છે. ચંબલ અને બેટવા જમનાને મળેછે. મહાનદી, મધ્ય પ્રાન્તોમાંથી, ગોદાવરી, નાશક આગળથી, કૃષ્ણા (એની શાખા ભીમા અને તુંગભદ્રા), મહાબળેશ્વરના ડુંગરોમાંથી, ઉત્તર અને દક્ષિણ પેનાર, મૈસૂરમાંથી, અને કાવેરી, કુર્ગમાંથી નીકળી, બંગાળાના ઉપસાગરમાં પડેછે. ઇરાવતી, બ્રહ્મદેશમાં થઇ માર્ટાબાનના અખાતને મળેછે. સિંધુનદ હિમાલય પર્વતમાંથી નીકળી અરબ્બી સમુદ્રને મળેછે. એની

શાખા જહેલમ, ચિનાબ, રાવી, બીઆસ, અને સતલજ છે. નર્મદા, વિંધ્યા પર્વતમાંથી, તાપી, સાતપૂડામાંથી, સાબરમતી અને મહી ગુજરાતમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે.

---

# ભરતખંડના રાજકીય વિભાગો.

## (૧) બ્રિટિશ રાજ્ય ; (૩) સ્વતંત્ર રાજ્ય ;
## (૨) દેશી રાજ્ય ; (૪) પરદેશી રાજ્ય.

આખા ભરતખંડ ઉપર ગવર્નર-જેનરલ રાજ્ય કરેછે. એના તાબાનીચે બંગાળા, વાયવ્ય પ્રાંતો, અયોધ્યા અને પંજાબ, એ ભાગો ઉપર લેફ્ટેનન્ટ ગવર્નરનો અધિકાર છે. મધ્ય-પ્રાંતો, બ્રિટિશ બ્રહ્મદેશ, અને આસામ, એ ઓ ઉપર ચીફ કમિશનરોનો અધિકાર છે. મુંબઇ અને મદ્રાસ ઈલાકા ઉપર ગવર્નરોનો અધિકાર છે ; લંકાબેટને "ક્રાઉન કોલોનિ" કહેછે અને તેના ઉપર કોલોનિયલ આફિસથી નીમાયલો ગવર્નર રાજ્ય કરેછે. તેને ભરતખંડના ગવર્નર-જેનરલ સાથે નિસ્બત નથી.

---

# બ્રિટિશ હિંદુસ્તાન.

એના મુખ્ય **૧૨** ભાગ કીધા છેઃ— (૧) બંગાળા (શુદ્ધબંગાળા, બહાર, ઓરિસ્સા અને છોટાનાગપુર); (૨) આસામ; (૩) વાયવ્ય પ્રાંતો; (૪) અયોધ્યા; (૫) પંજાબ; (૬) મધ્ય પ્રાંતો; (૭) મુંબઈ ઈલાકો; (૮) મદ્રાસ ઈલાકો; (૯) બ્રહ્મદેશ; (૧૦) અજમેર; (૧૧) વરાડ; (૧૨) કુર્ગ.

**૧. બંગાળા.** એના ચાર ભાગ છેઃ— (૧) શુદ્ધ બંગાળા, (૨) બહાર, (૩) ઓરિસ્સા, (૪) છોટાનાગપુર.

મુ૦ શેહેરો— (૧) **શુદ્ધબંગાળામાં**:— **કલકત્તા**, હુગ્લી નદી ઉપર, રાજધાની છે. આલિપોર, બેરેકપુર, **પ્લાસી** (રણક્ષેત્ર), ધાકા (મલમલ) ચિતાગોંગ, મુર્શિદાબાદ, બર્દવાન, ચિન્સુરા, મિદનાપુર, ચંદ્રનગર (ફ્રેન્ચનું), સિરામપુર, રાણીગંજ. (૨) **બહારમાં**:— પટના, ગંગાઉપર, બહાર, ગયા (યાત્રાનું સ્થળ), મોંગીર, બકસર (રણક્ષેત્ર). (૩) **ઓરિસ્સામાં**:— કટક (મહાનદી ઉપર), બાલાસોર, પુરી અથવા જગન્નાથ (યાત્રાનું સ્થળ), મહા નદી ઉપર. (૪) **છોટાનાગપુરમાં**:— હઝારીબાગ (લશ્કર રહેછે).

૨. **આસામ**— મુ૦ શે૦ ગોહતી (બ્રહ્મપુત્ર ઉપર), **શિલોંગ** રાજધાની, ચેરાપુંજી (એમાં આખી દુનિયા કરતાં સૌથી વધારે વરસાદ પડેછે, લગભગ ૫૨૨ ઈંચસુધી).

૩. **વાયવ્ય પ્રાંતો**— મુ૦ શે૦ **બનારસ** અથવા **કાશી**, ગંગા નદી ઉપર, યાત્રાનું સ્થળ, **અલાહાબાદ** અથવા પ્રયાગ, ગંગા અને જમનાના સંગમ ઉપર (યાત્રાનું સ્થળ), કહાનપુર, ગંગા ઉપર, આગ્રા, જમના ઉપર, ફત્તેહપુરશિક્રી, કનોજ અને ફરક્કાબાદ (ત્રણે રણક્ષેત્રો), ગોકુળ અને મથુરા, જમનાપર (યાત્રાનાં સ્થળ), મીરત (લશ્કર રહેછે), હરદ્વાર (યાત્રાનું સ્થળ), ગંગા ઉપર, બરેલી (રોહિલખંડનું મુ૦ શે૦), આલ્મોરા (રણક્ષેત્ર), શ્રીનગર.

૪. **અયોધ્યા**— મુ૦ શે૦ **લખનોર**, ગોમતી ઉપર, ફૈઝાબાદ.

૫. **પંજાબ**—મુ૦ શે૦:—**લાહોર**, રાવી નદી ઉપર, અમૃતસર (શાલો, રેશમી અને સુતરાઉ લુગડાંનાં કારખાનાં), લુધીઆના, સતલજ નદીની પાસે (શાલનાં કારખાનાં), જલંધર (લશ્કર રહેછે), કાંગ્રા (એનું અસલ નામ નગરકોટ. એમાં ઊંચી સ્હા થાયછે). અલિવાલ, સોબ્રાઉન, ફિરોજશાહ, મુડકી (રણક્ષેત્રો). અમ્બાલા (લશ્કર રહેછે),

સિમ્લા (હવાનું ઠેકાણું), સ્થાનેશ્વર (એની પાસે કુરૂક્ષેત્ર), પાણીપત, દિલ્હી જમના નદી ઉપર (એ ત્રણ રણક્ષેત્રો). મુલતાન, મિથુનકોટ, અટક, પેશાવર (લશ્કર રહેછે), રવલપિન્ડી, મરી (હવાનું ઠેકાણું). ગુજરાત, અને ચિલિયનવાલા, કર્નાલ અને સરહિંદ (રણક્ષેત્રો).

૬. **મધ્ય પ્રાંતો**—મુ૦ શે૦:—**નાગપુર**, સીતાબાલ્ડી, કામ્ઠી (લશ્કર રહેછે), જબલપુર (કોલસાની ખાણો), રતનપુર, સંભલપુર (હીરાની ખાણ), બરાનપુર, તાપીનદી ઉપર (એની પાસે આશીરઘઢ).

૭. **મુંબાઈ ઈલાકો**—એના મુખ્ય ચાર ભાગ કીધાછે:— (૧) **સિંધ**; (૨) **મુંબાઈ**; (૩) **મુંબાઈનો ઉત્તર વિભાગ**; (૪) **મુંબાઈનો દક્ષિણ વિભાગ.**

(૧) **સિંધ**—મુ૦ શે૦:—કરાંચી (બંદર), ઠઠ્ઠા, હૈદ્રાબાદ, અને મિઆની (બે રણક્ષેત્રો). હૈદ્રાબાદની પૂર્વે થર અને પારકરનાં રેતીનાં રણ છે. અમરકોટ, શિકારપુર, સક્કર.

(૨) **મુંબાઈ.** એ હિંદુસ્તાનમાં ઘણું નામીચું શહેર છે. એની સાથે સાલ્સેટ (સાષ્ટી) બેટ સડકથી ભેળી દીધોછે. એલિફન્ટા, એ મુંબાઈ બંદરમાં નાનો બેટ છે.

(૩) **મુંબાઈનો ઉત્તર વિભાગ**—એના ૮ વિભાગ છે:— (૧) **કોલાબા**—મુ૦ શે૦ અલીબાગ; (૨) **થાણા અથવા ઉત્તર કોકણ**—મુ૦ શે૦ થાણા, કલ્યાણ અને વસઈ; (૩) **સુરત**—મુ૦ શે૦ સુરત. એમાં અંગ્રેજે સને ૧૬૧૩ માં પહેલી કોઠી ઘાલી; (૪) **ભરૂચ**—મુ૦ શે૦ ભરૂચ; (૫) **ખેડા અને પંચમહાલ**—મુ૦ શે૦ નડીઆદ; (૬) **અમદાવાદ**—મુ૦ શે૦ અમદાવાદ, ગોઘા, ધોલેરા (૩); (૭) **ખાનદેશ**—મુ૦ શે૦ ધુળીયા, ભીસાવળ; (૮) **નાશક**—મુ૦ શે૦ નાશક (યાત્રાનું સ્થળ).

(૪) મુંબઇનો દક્ષિણ વિભાગ—એના ૯ વિભાગ છે:—(૧) અહમદનગર—મુ૦ શ૦ અહમદનગર; (૨) પુના—મુ૦ શ૦ પુના, ખડકી, કોરગામ (રણક્ષેત્રો), સિંહગઢ અને પુરંધર; (૩) સતારા—મુ૦ શ૦ સતારા, મહાબળેશ્વર (હવાનું ઠેકાણું); (૪) શોલાપુર—શોલાપુર (વેપારનું મથક), પંઢરપુર (યાત્રાનું સ્થળ); (૫) કલાદગી—મુ૦ શ૦ બાગલકોટ અને બીજાપુર; (૬) બેલગામ—મુ૦ શ૦ બેલગામ; (૭) ધારવાડ—મુ૦ શ૦ ધારવાડ (રૂ); (૮) ઉત્તરકેનેરા—મુ૦ શ૦ કારવાડ, કુમ્ટા, હોનાવાડ (એની પૂર્વે ગરસોપનો આસરે ૯૦૦ ફીટ ઊંચો ધોધ છે). (૯) રત્નાગિરિ—મુ૦ શ૦ રત્નાગિરિ, વિંગોર્લા (બંદર).

એડન (અર્બસ્તાનની દક્ષિણે) મુંબઇને તાબે છે.

૯. મદ્રાસ ઈલાકો—એના ૬ ભાગ છે. તે તથા તેનાં શહેરોઃ—

(૧) સરકાર્સ—ગંજામ, બરહમપુર, રસલકોન્ડા, સિકાકોલ (મલમલ) અને રાજમાહેંદ્રિ (ગોદાવરીના મુખ આગળ).

(૨) કૃષ્ણા—મછલીપટ્ટણ (રૂનો વ્યાપાર), ગંતૂર, એલોર (શેત્રંજી).

(૩) કર્ણાટક—નેલોર, ઓંગોલ (લશ્કર રહેછે).

(૪) ઉત્તર આર્કટ—આર્કટ, વેલોર, આર્ની (રણક્ષેત્ર). મદ્રાસ એ ઈલાકાનું મુખ્ય શહેર છે. ચિંગલપટ, પુલિકટ, કડપા (લશ્કર રહેછે).

(૫) દક્ષિણ આર્કટ—કડલોર, ફોર્ટસેન્ટડેવિડ, જીંજી (પહાડી કિલ્લો), પોર્ટોનોવો (રણક્ષેત્ર તથા લોખંડનું કામ), તંજાવર, નાગપટ્ટમ, ટ્રાંકવેબાર, ત્રિચિનોપલિ, મદુરા (એની પૂર્વે સેતુબંદ રામેશ્વર દ્વીપછે. તે યાત્રાનું સ્થળ છે), ડિંડીગલ.

(૬) દક્ષિણ કેનેરા—કલિકટ (સાગ, મરી, નાળિયેર), કાનાનોર, ટેલિચરી (બંદર), કોચિન, કોઈમબટુર, ઉતાકામંડ (હવાનું ઠેકાણું), મંગલોર (સોપારી).

૯. બ્રહ્મદેશ— એ દેશના આરાકાન અને ટિનાસરીમ પ્રાંતો અંગ્રેજને સને ૧૮૨૬માં મળ્યા, અને પેગુ સને ૧૮૫૨ માં બ્રિટિશ રાજ્ય સાથે સંયોજી દીધો. બાકીનો ભાગ અંગ્રેજોએ સને ૧૮૮૬ માં રાજા થીબોને હરાવી જીતી લીધો. એમાં માંડલે, અમરપુર, આવા અને ભામો એ મુખ્ય શહેરો છે. આરાકાન—મુ૦ શ૦ અકિઆબ (ચોખા), આરાકાન. પેગુ—મુ૦ શ૦ રંગુન, બસીન, પ્રોમ, દોનાબ્યુ અને ડલહૌસી. ટિનાસરીમ—મુ૦ શ૦ મોલમિન, માર્ટાબાન, આમ્હર્સ્ટ, ટેવોય અને મર્ગિ.

૧૦. અજમેર— એને વાયવ્ય પ્રાંતોમાં દાખલ કીધુંછે. એ ગવર્નર-જેનરલની સત્તા નીચે છે. મુ૦ શ૦ અજમેર.

૧૧. બરાડ— એ પ્રાંત નિજામે અંગ્રેજોને દેવાને પેટે આપ્યો. મુ૦ શ૦ ઉમરાવતી, અકોલા, અસાઈ (રણક્ષેત્ર), ઈલીચપુર, અને આર્ગામ (રણક્ષેત્ર).

૧૨. કુર્ગ— એ પ્રાંત સને ૧૮૩૪માં અંગ્રેજોએ પોતાના રાજ્ય સાથે સંયોજી દીધો. મુ૦ શ૦ મર્કરા.

સિંહલદ્વીપ અથવા લંકા— એની આસપાસના દરીઆમાં મોતી પાકે છે. મુ૦ શ૦ કોલમ્બો, કાન્ડી, ગેલી અને ત્રિંકોમાલી.

સ્ટ્રેઈટસસેટલમેન્ટસ— એમાં પુલોપિનાંગ અથવા પ્રિન્સ ઑવ્ વેલ્સ ટાપુ (મુ૦ શ૦ જ્યોર્જટાઉન), પ્રોવિન્સ વેલ્સલે, મલાક્કા, સિંગાપુર અને ધીરક એટલા સમાયલા છે.

---

## (૨) દેશી રાજ્યો.

બંગાળાના તાબામાં—સિખિમ, કુચ બહાર, ટીપરા અને મણીપુર.

વાયવ્ય પ્રાંતોમાં—રામપુર અને ઘઢવાલ.

પંજાબમાં—કાશ્મીર (હાલ અંધેર ચાલવાને લીધે અંગ્રેજોએ પોતાના કબજામાં લીધું છે), મુ૦ શે૦ શ્રીનગર (શાલનાં કારખાનાં) અને લેહ; ભાવલપુર, પતિઆળા વગેરે.

રજપૂતાનામાં—(૧) જોધપુર અથવા મારવાડ, મુ૦ શે૦ જોધપુર; (૨) જેપુર, મુ૦ શે૦ જેપુર; (૩) ઉદેપુર અથવા મેવાડ, મુ૦ શે૦ ઉદેપુર અને ચિતોડ; (૪) શિરોહી. એમાં આબુ પર્વત છે, તે હવાનું ઠેકાણું છે, એમાં જૈન દહેરાં છે; (૫) બીકાનીર; (૬) જેસલમીર; (૭) ભરતપુર, મુ૦ શે૦ ભરતપુર.

મધ્ય હિંદ એજન્સિમાં—પૂર્વે, રેવા અને બુંદલખંડ; ઉત્તરે ગ્વાલિયર અથવા સિંધિયાનું રાજ્ય, મુ૦ શે૦ ગ્વાલિયર, નીમચ, ઉજ્જન (માળવાનું મુખ્ય શેહેર); દક્ષિણે, ભોપાલ, મુ૦ શે૦ ભોપાલ, અને હોલકરનું રાજ્ય, મુ૦ શે૦ ઈંદોર અને મ્હો.

મધ્ય પ્રાંતોમાં—નિજામનું રાજ્ય. એ સઘળાં દેશી રાજ્યોમાં મોટું છે. મુ૦ શે૦ હૈદ્રાબાદ, શિકંદ્રાબાદ, બોલારમ, ગોવળકોંડા, વરંગુળ, બીદર, ગુલબર્ગ (બ્રાહ્મણી રાજ્યની રાજધાની હતી), ઔરંગાબાદ (ગોદાવરી ઉપર), દોલતાબાદ.

મુંબાઈ ઈલાકામાં—ખેરપુર, સિન્ધની ઇશાને; કચ્છ, મુ૦ શે૦ ભુજ અને માંડવી; ગુજરાત. એના પેટામાં ગાયકવાડનું રાજ્ય, મુ૦ શે૦ વડોદરા અને ડીસા; કાઠીઆવાડ, મુ૦ શે૦ રાજકોટ, ભાવનગર, પોરબંદર, દ્વારકા (ગાયકવાડનું, યાત્રાનું સ્થળ); સોમનાથ, જૂનાઘઢ (એમાં ગિર્નાર પર્વત છે, તેમાં જૈન દહેરાં છે). ખંભાત, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, વગેરે. મહારાષ્ટ્ર (મરેઠાઓના દેશ)માં કોલાપુર, સાવંતવાડી અને જંજીરા.

**મદ્રાસ ઈલાકામાં**—મ્હેસૂર, મુ० શે० શ્રીરંગપટ્ટણ, બંગલૂર. કોચીન, મુ० શે० ત્રિચુર. ત્રાવણકોર, મુ० શે० ત્રિવાન્દ્રમ, ક્વીલન.

## (૩) સ્વતંત્ર રાજ્યો.

**નેપાળ**—મુ० શે० ખટમંડુ, લલિતપટ્ટણ, મકવાનપુર (રણક્ષેત્ર). **ભૂતાન**—મુ० શે० પનાખા અને ટાસીસ્યૂડન.

## (૪) પરદેશી રાજ્યો.

**ફ્રેન્ચ તાબામાં**—ચંદ્રનગર, હુગ્લી નદી ઉપર; **ચેનોન**, ગોદાવરીના મુખ આગળ; **પોન્ડિચરી** અને કેરિકલ, કોરોમાંડલ કિનારે, **માહી**, મલબાર કિનારે. **ફિરંગીઓના તાબામાં**—**ગોઆ**, મલબાર કિનારે, **દમ્મણ**, મુંબઈની ઉત્તરે; **દીવ**, કાઠીઆવાડની દક્ષિણે.

**ખેતીની નિપજ**—ઘઉં-વાયવ્ય પ્રાંતો અને પંજાબમાં. **ચોખા**-બંગાળામાં. **બાજરી**-દક્ષિણમાં. **કપાસ**-બંગાળા, આસામ, બ્રહ્મદેશ, નાગપુર અને વરાડમાં. **ગળી**-બંગાળામાં. **અફીણ**-બંગાળા, બહાર અને માળવામાં. **બુંદ**-નીલગિરિ ઉપર. **ચ્હા**-આસામમાં અને હિમાલય ઉપર. **મરી, તજ, ગુંદર, નાળીએર**-મલબાર કાંઠે અને લંકામાં. ઇમારતી લાકડું, મુખ્ય સાગ-મલબારનાં જંગલમાં.

**ખનિજ પદાર્થો**—લ્હોખંડ અને કોલસા-બંગાળા અને જબલપુરમાં. **હીરા**-સંભલપુર અને ગોવળકોંડામાં. **મીઠું**-સંભર સરોવરમાંથી નીકળેછે અને મુંબઈ અને મદ્રાસને કિનારે દરીઆના પાણીનું બનાવેછે. **સિંધવ**ની ખાણો-રજપૂતાનામાં અને પંજાબમાં.

**મુખ્ય નદીઓ ઉપર શેહેરો**—**બ્રહ્મપુત્ર**- લાસા, ધાકા. **ગંગા**-હરદ્વાર, ફરક્કાબાદ, કહાનપુર, અલાહાબાદ, બનારસ, બક્સર, પટના, મોંગીર,

મૂર્શીદાબાદ, હુગ્લી, કલકત્તા. **જમના**—દિલ્હી, મથુરા, આગ્રા. **મહાનદી**—સંભલપુર, કટક, જગન્નાથ. **ગોદાવરી**—નાશક, ઔરંગાબાદ, રાજમાહેન્દ્રિ. **કૃષ્ણા**— મછલીપટ્ટણ. **કાવેરી**— શ્રીરંગપટ્ટણ, ત્રિચિનોપોલિ, તંજાવર. **ઈરાવતી**— આવા, પ્રોમ, રંગુન. **સિંધુ**— અટક, મિથુનકોટ, સક્કર, હૈદ્રાબાદ, કરાંચી. **નર્મદા**— જબલપુર, ભરૂચ. **તાપી**— બરાનપુર, સુરત. **મહી**— ખાંભાત. **સાબરમતી**— અમદાવાદ.

**યાત્રાનાં સ્થળો**— ઉત્તરમાં **બદ્રીનાથ** (હરદ્વારની વાયવ્યે); પૂર્વમાં **જગન્નાથ**; દક્ષિણમાં **સેતુબંદરામેશ્વર**; પશ્ચિમમાં **દ્વારિકા**. એ સિવાય ગયા, કાશી, પ્રયાગ, ગોકુળ, મથુરા, હરદ્વાર, શ્રીનાથજી ( મેવાડમાં), નાશક, ત્રંબક, અને પંઢરપુર; પાલીતાણા અને ગિર્નાર (કાઠીઆવાડમાં) અને આબુ પર્વત ( એ ત્રણ જૈન લોકનાં ); ગુજરાતની ઉત્તરે આરાસુરના પર્વતમાં અંબાજી.

**હવા ખાવાનાં ઠેકાણાં**— દારજીલિંગ ( સિખિમની પાસે ), સિમ્લા, આબુ પર્વત, મહાબલેશ્વર, નીલગિરિ.

**કિનારાપરનાં શેહેરો**— પશ્ચિમ કિનારે- કરાંચી, પોરબંદર, ગોઘા, ખાંભાત, ભરૂચ, સુરત, મુંબઈ, રત્નાગિરિ, વિંગોર્લા, ગોઆ, કારવાડ, કૂમ્ટા, હોનાવાડ, મંગલૂર, કાનાનોર, કલિકટ, કોચિન, ક્વીલન. પૂર્વ કિનારે—ટ્રાંક્વેબાર, કદલોર, પોન્ડિચરી, મદ્રાસ, મછલીપટ્ટણ, જગન્નાથ, બાલાસોર, કલકત્તા, ચિતાગોંગ, અકિઅબ, રંગુન, મોલમીન.

---

## તુર્કસ્તાન (એશ્યાનું).

**સીમા**—ઉત્તરે, માર્મોરાનો સમુદ્ર, કાળો સમુદ્ર, અને કોકેસસ પ્રાંતો; પૂર્વે, ઈરાન; દક્ષિણે, ઈરાની અખાત અને અર્બસ્તાન; પશ્ચિમે, રાતો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર, અને આર્કિપેલેગો.

**ભાગો**—એના ૬ ભાગ છે:—(૧) **એશ્યામાઈનોર** (કાળા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે), (૨) **આર્મિનીઆનો** થોડોક ભાગ (કાળા સમુદ્રની અગ્નિએ), (૩) **સિરીઆ પાલેસ્ટાઈન** સાથે (યુફ્રેટિસ અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચે), (૪) **કુર્દિસ્તાન** (આર્મિનીઆની દક્ષિણે), (૫) **અલ્જેઝીરા** અથવા મેસોપોટેમીઆ (યુફ્રેટિસ અને તૈગ્રિસની વચ્ચે), (૬) **ઈરાક અરબ્બી** અથવા ખાલ્ડીઆ (યુફ્રેટિસ અને તૈગ્રિસના મુખ તરફ).

**ભૂશિર**—બાબા, એશ્યામાઈનોરની પશ્ચિમે.

**બેટ**—સાઈપ્રસ (અંગ્રેજનો, મુ૰ શ૰ નિકોશીઆ) અને રોડઝ, લિવાન્ટમાં.

**પર્વતો**—તૌરસ અને આન્ટી તૌરસ, આર્મિનીઆના પર્વતો, આરારાટ, લેબેનન.

**સમુદ્રો અને અખાતો**—કાળો સમુદ્ર, આર્કિપેલેગો, ભૂમધ્ય સમુદ્ર, રાતો સમુદ્ર, અને ઈરાની અખાત.

**નદીઓ**—કિઝિલ અર્માક કાળા સમુદ્રમાં પડેછે; સિહુન, જીહુન, અને ઓરોન્ટિસ લિવાન્ટમાં પડેછે; જોર્ડન મૃત્યુ સરોવરમાં પડેછે; યૂફ્રેટિસ અને તૈગ્રિસ તૌરસ પર્વતમાંથી નીકળી ઈરાની અખાતમાં પડેછે.

**સરોવરો**—ટઝલાગોલ, એશ્યામાઈનોરમાં; વાન, આર્મિનીઆમાં; ટાઈબીરીઅસ અથવા ગેલિલીનો સમુદ્ર અને મૃત્યુ સરોવર, પાલિસ્ટાઈનમાં.

**મુખ્ય શેહેરો**:—

(૧) **એશ્યામાઈનોર**—સ્મર્ના, પશ્ચિમમાં (સ્ટ્રેકોમેવા, રૂ અને રેશમ). એફિસસ, બ્રુસા. સ્કુટેરી, સિનોપ અને ટ્રેબિઝોન્ડ (ત્રણે કાળા સમુદ્ર ઉપર બંદરો). અંગોરા, એમાં સુંદર ઉનવાળા બકરા થાયછે. કોનીઆ, ટાર્સસ.

(૨) **આર્મિનીઆ**— અર્ઝરૂમ અને વાન.

(૩) **સિરીઆ**— અલેપ્પો, સ્કેન્ડેરૂન (બંદર), એન્ટીઓક, ઓરેન્ટિસ ઉપર, લટેકીઆ (તંબાકુ) અને ત્રિપોલી (બે બંદરો), ડમાસ્કસ (તરવાર બનેછે), બેરૂટ (બંદર). **પાલેસ્ટાઈન**—જેરૂસલમ, એકર, જાફા.

(૪) **કુર્દિસ્તાન**—એમાં જાણવા જોગ શેહેર નથી.

(૫) **અલ્જેઝીરા**— મોસલ, તૈગ્રિસ ઊપર, ડાયર બકર.

(૬) **ઈરાકઅરબ્બી**— બગદાદ, તૈગ્રિસ ઉપર, હિલ્લે, યૂફ્રેટિસ ઉપર, બસ્રા, યૂફ્રેટિસ અને તૈગ્રિસના સંગમ ઉપર, વેપારનું મથક.

આ દેશ યૂરપના તુર્કસ્તાનના **સુલતાનને** તાબે છે. એમાં મેવો, કપાસ, તંબાકુ, અફીણ વગેરે નિપજેછે. એશ્યામાઈનોર અને આર્મિનીઆમાંથી ત્રાંબુ, રૂપું, સીસું, લોઢું વગેરે નીકળેછે. સિરીઆમાં કોયલાની ખાણો છે.

## અર્બસ્તાન.

**સીમા**— ઉત્તરે, તુર્કસ્તાન; પૂર્વે, ઈરાની અખાત અને ઓમનનું અખાત; દક્ષિણે, અરબ્બી સમુદ્ર; પશ્ચિમે, રાતો સમુદ્ર.

**ભાગો**— એના બે ભાગ છે–(૧) **શુદ્ધ અર્બસ્તાન** (એના ભાગ–હેડ્રામોટ, ઓમન અને નેજ્ડ) અને (૨) **તુર્કિ અર્બસ્તાન** (એના ભાગ–હેડ્જાઝ, યેમેન, એલહાસા).

**ભૂશિર**— રાસલહદ, અગ્નિકોણમાં છે.

**પર્વતો**— જેબલશામાર, હોરેબ, અને સિનાઇ.

**બેટ**— બેહરીન બેટ, ઈરાની અખાતમાં છે. એની આસપાસથી મોતી નીકળેછે. પેરીમ (અંગ્રેજનો), બાબલ માંડબની સામુદ્રધુની આગળ.

**સમુદ્ર, અખાત અને સામુદ્રધુની**—રાતો સમુદ્ર; એડન અને ઓમનનાં અખાતો; બાબલ માંડબની સામુદ્રધુની.

મુખ્ય શેહેરો :—

**શુદ્ધ અર્બસ્તાન**— હેડ્રામોટ-મકલ્લા (બંદર). એડન (બંદર, અંગ્રેજને તાબે). **ઓમન**-**મસ્કત** (બંદર). આ પ્રાંતના હાકેમને **ઈમામ** કહેછે. **નેજડ**—રીયાદ.

**તુર્કિ અર્બસ્તાન**— હેડજાઝ-મકકા (મહમદની જન્મભૂમિ), જીદ્દા (બંદર), મદીના (મહમદની કબર), યેમ્બો (બંદર). **યેમેન**-મોખા (બુંદ). **એલહાસા**-એમાં જાણવા જોગ શેહેર નથી.

આ દેશના ઘોડા ઘણા વખણાયછે. વળી એમાં ઉંટ અને સાંઢણીઓ થાયછે. એમાં રેતીનાં રણોછે. અહીંના લોકો (આરબ) પોતાનાં ઢોરોને લઈને આમતેમ રખડેછે. એમાંથી લોબાન, ગુંદર, તથા મેવો બહાર દેશાવર જાયછે.

---

## ઇરાન.

**સીમા**—ઉત્તરે, યુરપી અને એશ્યાઇ રૂશ્યા, અને કાસ્પિઅન સમુદ્ર; પશ્ચિમે, એશ્યાઇ તુર્કસ્તાન; દક્ષિણે, ઇરાની અખાત; પૂર્વે, અફઘાનીસ્તાન અને બલુચિસ્તાન.

**દ્વીપો**—ર્ક્ (ઇરાનને તાબે), એની આસપાસથી મોતી નીકળેછે. કિશ્મ અને ઓર્મેઝ (મસ્કતના ઇમામને તાબે).

**પર્વતો**—એલ્બુર્ઝ અને એલ્વન્ડ, કાસ્પિઅન સમુદ્રની દક્ષિણે.

**નદીઓ**—આરાસ અને કિઝિલઉઝૂન બન્ને કાસ્પિઅન સમુદ્રમાં પડેછે.

**સરોવરો**— ઉરૂમીઆ, વાયવ્ય કોણે; બખ્તેગન, શિરાઝ પાસે; સીસ્ટન, પૂર્વમાં.

**અખાત અને સામુદ્રધુની**—ઇરાની અખાત, પશ્ચિમે; ઓર્મેઝની સામુદ્રધુની, ઇરાની અખાત અને હિંદી મહાસાગરને જોડેછે.

મુ॰ શેહેરો— તેહરાન, રાજધાની. ટેબ્રિઝ (વેપારનું મથક), વાયવ્યે. ઉરૂમીઆ, ઈસ્પહાન (અસલની રાજધાની). રેશ્ટ, બાલફ્રુશ અને આસ્ત્રાબાદ (ત્રણે બંદરો). યેઝ્ડ, મશાદ, શિરાઝ (દારૂ સારો થાયછે), કરમાનશાહ (એમાં શેત્રંજી તથા તલવારનાં કારખાનાં છે). બુશીર અને ગોમ્બ્રૂન (બંદરો).

આ દેશના રાજાને **શાહ** કહેછે. અહીંના લોકો (ઈરાની) શેત્રંજી, શાલ, તલવાર, કટાર વગેરે બનાવવામાં ઘણા કુશળ છે. રેશમી કાપડ તથા મેવા દેશાવર મોકલવામાં આવેછે.

---

## અફ્ઘાનીસ્તાન.

**સીમા**— ઉત્તરે, સ્વતંત્ર તુર્કસ્તાન; પશ્ચિમે, ઈરાન; દક્ષિણે, બલુચિસ્તાન; પૂર્વે ભરતખંડ.

**પર્વતો**— હિંદુકુશ, ઉત્તરમાં; સુલેમાન, પૂર્વમાં.

**નદી**— કાબૂલ (સિંધુનો ફાંટો). હેલ્મંડ, સીસ્ટન સરોવરમાં પડેછે.

**મુખ્ય શેહેરો**— **કાબૂલ** (રાજધાની) અને જલાલાબાદ, બન્ને કાબૂલ નદી ઉપર. ગીજની, અસલની રાજધાની. એની નૈઋત્યે કંદહાર; હેરાત, વાયવ્યે.

અહીંના રાજાને **અમીર** કહેછે. આ દેશમાંથી સુકો મેવો, હીંગ, ઘોડા વગેરે બહાર દેશાવર જાયછે.

---

## બલુચિસ્તાન.

**સીમા**— ઉત્તરે, અફઘાનીસ્તાન; પૂર્વે, ભરતખંડ; દક્ષિણે, અરબ્બી સમુદ્ર; પશ્ચિમે ઈરાન.

**પર્વત**—હાલા, પૂર્વમાં છે.

નદી—ગંડાવા.

મુખ્યશેહેરો—ખિલાત, રાજધાની અને ગંડાવા.

અહીંના રાજ્યકર્ત્તાને ખાન કહેછે. લોકો ઘેટાં અને ઢોરો ઘણાં રાખેછે. ચામડાં, ઊન વગેરે પરદેશ જાયછે.

## હિંદીચીન અથવા ફર્ધર ઈંડીઆ.

હિંદીચીન, એ ચીનાઈ રાજ્યની દક્ષિણે અને ભરતખંડની પૂર્વે મોટો દ્વીપકલ્પ છે.

ભાગો—એના ૬ ભાગ છે:—(૧) બ્રહ્મદેશ, (૨) શ્યામ, (૩) આનામ, (૪) કેમ્બોડીઆ, (૫) ફ્રેન્ચ કોચીન ચીન, અને (૬) સ્ટ્રેઈટ્સ સેટલમેન્ટસ.

ભૂશિરો—નીગ્રેસ, નૈઋત્યે; કેમ્બોડીઆ, ફ્રેન્ચ કોચીન ચીનની દક્ષિણે, રોમાનીઆ, મલાયાની દક્ષિણે.

સંયોગીભૂમિ—ક્રોની સંયોગીભૂમિ, મલાયા અને ખંડની વચ્ચે.

સરોવર—ટેઈલસેપ, શ્યામ અને કેમ્બોડીઆની વચ્ચે.

અખાત—માર્ટાબાન અને શ્યામનાં અખાત, દક્ષિણમાં; ટોંકીનનું અખાત, ઇશાનકોણે.

સામુદ્રધુની—મલાક્કાની સામુદ્રધુની, મલાયા અને સુમાત્રાની વચ્ચે.

નદી—ઇરાવતી, બ્રહ્મદેશમાં થઈ માર્ટાબાનના અખાતમાં પડેછે. મીનામ, શ્યામના અખાતમાં પડેછે.

મુખ્ય શેહેરો:—

બ્રહ્મદેશ અને સ્ટ્રેઈટ્સ સેટલમેન્ટસ ( ભરતખંડમાં જુઓ, પાને ૧૫ મે).

શ્યામ—બાંકોક, મીનામ નદી ઉપર.

આનામ—એના બે ભાગ છે-ટોંકીન-કેશો; કોચીન ચીન-હ્યૂએ.

ફ્રેન્ચ કોચીન ચીન—સાઇગોન (ફ્રેન્ચનું).

કેમ્બોડીઆ— પેનોમ્પીંગ અને યૂડોંગ બન્ને મિકોંગ નદી ઉપર. આ પ્રાંત ફ્રેન્ચના રક્ષાણ તળેછે.

આ દેશમાં ઉંચી જાતનાં સાગ તથા ડાંગર બહુ પાકેછે. લોકોનો ઘણો ભાગ બૌદ્ધધર્મી છે.

## ચીનાઇ રાજ્ય.

**સીમા**—ઉત્તરે, એશ્યાઇ રૂશ્યા; પૂર્વે, પાસિફિક મહાસાગર; દક્ષિણે, હિંદીચીન અને ભરતખંડ; પશ્ચિમે, સ્વતંત્ર તુર્કસ્તાન.

**ભાગો**—એના ૬ ભાગ છે:—(૧) શુદ્ધચીન; (૨) ટિબેટ; (૩) પૂર્વ તુર્કસ્તાન; (૪) મંગોલીઆ; (૫) મંચૂરીઆ; (૬) કોરીઆ.

**દ્વીપો**—હૈનાન, મકાઉ (ફિરંગીને તાબે), હોંકોંગ (અંગ્રેજનો, મુ૦ શ૦ વિક્ટોરીઆ), એ સઘળા શુદ્ધ ચીનની દક્ષિણે; ફોર્મોસા, શુદ્ધ ચીનની પૂર્વે.

**પર્વતો**—થીઆનશાન, પૂર્વતુર્કસ્તાનમાં; આલ્તાઇ, ઉત્તરમાં; ઇનશાન, મંગોલીઆ અને મંચૂરીઆની વચ્ચે; કુએનલુન અને કારાકોરમ ટિબેટમાં; હિમાલય, ટિબેટની દક્ષિણે; પેલિંગ, યૂનલિંગ અને નાનલિંગ, શુદ્ધ ચીનમાં.

**અખાત અને સમુદ્ર**— ચીનાઇ સમુદ્ર અને ટોંકીનનું અખાત, શુદ્ધ ચીનની દક્ષિણે; પીળો સમુદ્ર, પૂર્વમાં.

**સરોવરો**—ટંગટિંગ, શુદ્ધ ચીનમાં; ટેંગ્રિનોર, માન, રાવણહ્રદ અને પાલ્ટી, ટિબેટમાં; લોબનોર, પૂર્વ તુર્કસ્તાનમાં.

નદીઓ—યાંગ્સીક્યાંગ ( એશ્યામાં સૌથી લાંબી ) અને હોઆંગહો શુદ્ધ ચીનમાં, બન્ને ટિબેટમાંથી નીકળી પાસિફિકમાં વહેછે. પીહો, ઉત્તરમાં, કંતાન, દક્ષિણમાં ; તરીમ, પૂર્વ તુર્કસ્તાનમાં; આમૂર, મંચૂરીઆમાં ; સિંધુ અને સામ્પુ, ટિબેટમાં.

મુખ્ય શેહેરો :—

(૧) **શુદ્ધ ચીન**—**પેકીન** (રાજધાની, પીહો ઉપર), ટીનસીન (બંદર), હાંકાઉ અને નાનકીન, યાંગ્સી ઉપર. શૅંઘાઇ, નિંગપો, ફુચ્યુ, એમોય, સ્વાટો, અને કંતાન, એ છ બંદરો.

(૨) **ટિબેટ**—લાસા, સામ્પુ ઉપર.

(૩) **પૂર્વ તુર્કસ્તાન**—યાર્કંડ (યાર્કંડ નદી ઉપર) અને કાશગર.

(૪) **મંગોલીઆ**—અર્ગા. આ ભાગમાં ગોબીનું મોટું રણ છે.

(૫) **મંચૂરીઆ**—કીરીનુલા, સગેલિયનુલા, અને મુકદન.

(૬) **કોરીઆ**—કિંકિટાઉ.

શુદ્ધ ચીનમાં ૭૦૦ માઈલ લાંબી એક નહેર છે તે દુનીઆમાં સૌથી મોટીછે. એ દેશની ઉત્તર હદ તરફ એક મોટો કોટ ૧૪૦૦ માઈલ લાંબો આવેલો છે. રેશમી કાપડ, ચીનાઈ વાસણ અહીંના લોકો ઘણાંજ સારાં બનાવેછે. બંદૂકના દારૂની બનાવટ, છાપવાની કળા તથા હોકાયંત્રની શોધ આ દેશમાં પહેલી થઈ એમ કહેવાયછે. ચીનાલોકો અફીણ બહુ પીએછે. બધાં રાજ્ય કરતાં ચીનાઈ રાજ્ય વસ્તીમાં પહેલું છે. શુદ્ધ ચીનમાં ચોખા, કપાસ તથા ઉંચી ચ્હા ઘણી થાયછે. એ દેશમાંથી ઘણી જાતની ધાતુઓ અને કોયલા નીકળેછે. વળી એક જાતની માટી નીકળેછે તેનાં ચીનાઈ વાસણ બનેછે. ટિબેટનાં ઘેટાંનું ઉન ઘણું સરસ હોયછે.

---

## જાપાન.

જાપાન ચાર ટાપુઓ મળીને થયલો છે:—નિપોન, યેસ્સો, સિકોકુ અને ક્યુસ્યુ.

બેટ—ક્યૂરીલ, ઈશાનકોણે ; લુચ્યુ, નૈઋત્યે.

સમુદ્ર—જાપાની સમુદ્ર.

સામુદ્રધુની—લાપેરૂઝની સામુ૦, સગેલિયન બેટ અને યેસ્સોની વચ્ચે.

મુખ્ય શેહેરો:—નિપોનમાં-ટોકીઓ અથવા યેડો, રાજધાની. યેકોહામા (બંદર). યેસ્સોમાં-મેટસમઇ અને હાકોડેટ. ક્યુસ્યુમાં-નાગાસાકી.

આ દેશના રાજાને મિકાડો કહેછે. એમાં તલવાર, ચીનાઈ તથા લખોટેલાં વાસણ સારાં બનેછે. એમાં કોલસા, ગંધક, સુરોખાર, તાંબુ, કલઈ વગેરેની ખાણો છે. એમાં ઘણા લોકો બૌદ્ધધર્મી છે.

---

## રૂશ્યાનું રાજ્ય.

સીમા—ઉત્તરે, ઉત્તર મહાસાગર; પૂર્વે, બ્હેરિંગ, કામચાટકા અને ઓખોટસ્કના સમુદ્રો; દક્ષિણે, ચીનાઈ રાજ્ય, તુર્કસ્તાન અને ઈરાન; પશ્ચિમે, કાસ્પિઅન સમુદ્ર, ઉરલ નદી અને ઉરલ પર્વત.

ભાગો—એના ૩ ભાગ છે:—(૧) સૈબીરિઆ ; (૨) રૂશ્યાઈ તુર્કસ્તાન (કાસ્પિઅન અને પૂર્વ તુર્કસ્તાનની વચ્ચે); (૩) કોકેસસ પ્રાંતો (કાળો સમુદ્ર અને કાસ્પિઅન સમુદ્રની વચ્ચે).

ભૂશિરો—સેવેરો, ઉત્તરમાં; પૂર્વ ભૂશિર, ઈશાન કોણે; લોપાટકા, કામચાટકાની દક્ષિણે.

દ્વીપો—લીઆકોવ, ઉત્તર મહાસાગરમાં; સગેલિયન, તાર્તરિના અખાતમાં; એલ્યૂશન, કામચાટકાની પૂર્વે.

દ્વીપકલ્પ—કામચાટકા, સૈબીરિઆની પૂર્વે. મુ૦ શ૦ પેટ્રોપોલોવ્સ્કી.

પર્વતો—આલ્તાઈ, દક્ષિણમાં; યેબ્લોનોઇ અને સ્ટેનોવોઇ, પૂર્વમાં; ઉરલ અને કોકેસસ, પશ્ચિમમાં.

**સરોવરો**—બૈકલ, સૈબીરિઆની દક્ષિણે ; બાલકશ, એરલ અને કાસ્પિઅન, પશ્ચિમમાં.

**નદીઓ**—ઉરલ કાસ્પિઅનમાં પડેછે ; ઓબી, યેનિસી અને લીના આલતાઈમાંથી નીકળી ઉત્તર મહાસાગરમાં પડેછે. આમુર તાર્તરિના અખાતમાં પડેછે. સરદરીઆ એરલ સરોવરમાં પડેછે.

**અખાત અને સમુદ્ર**—ઓબી અને યેનિસીનાં અખાત, ઉત્તરમાં ; અનાદીરનું અખાત, કામચાટકા અને ઓખોટસ્કના સમુદ્રો અને તાર્તરિનું અખાત, પૂર્વમાં.

**મુખ્ય શેહેરો** :—

(૧) **સૈબીરિઆ**—ટોબોલ્સ્ક (રાજધાની) અને ઓમ્સ્ક, બન્ને ઇર્ટિશ નદી ઉપર. ઇર્કુટસ્ક, બૈકલ સરોવર આગળ. યાકુટસ્ક, લીના ઉપર. યેનિસીસ્ક, યેનિસી ઉપર. ઓખોટસ્ક (બંદર).

(૨) **રૂશ્યાઈ તુર્કસ્તાન**—ખોકન, બાબરની જન્મભૂમિ, સમરકંદ, તૈમુરની રાજધાની, અને ટાશ્કન્ડ.

(૩) **કોકેસસ પ્રાંતો**—ટિફ્લિસ (રાજધાની) ; એરિવાન, એરિવાન સરોવર ઉપર ; કાર્સ, વાયવ્યે.

આ દેશ યૂરપના રૂશ્યાના ઝારને તાબેછે. એમાંથી ઘણા કિમતી ખનિજ પદાર્થો નીકળેછે. એ દેશ ઘણોજ ઠંડો છે. વનસ્પતિ જુજ થાયછે.

## સ્વતંત્ર તુર્કસ્તાન.

**સીમા**—ઉત્તરે, રૂશ્યા; પૂર્વે, ચીનાઈ રાજ્ય; દક્ષિણે, અફઘાનીસ્તાન; પશ્ચિમે, ઇરાન.

**પર્વતો**—હિંદુકુશ, દક્ષિણે. બેલૂરટાઘ, પૂર્વમાં.

નદી— ઓક્સસ, હિંદુકુશમાંથી નીકળી એરલ સરોવરમાં પડેછે.

મુખ્ય શેહેરો— બોખારા, રાજધાની, અને ખીવ ઓક્સસ ઉપર. આ દેશના રાજ્યકર્ત્તાને ખાન કહેછે. એમાં ઘઉં, બાજરી, જવ, ચોખા, સણ વગેરે નિપજેછે.

# મલેશ્યા અથવા પૂર્વ હિંદી આર્કિપેલેગો.

મલેશ્યા અથવા પૂર્વ હિંદી આર્કિપેલેગો, એ એશિઆનિઆનો વાયવ્ય ભાગ છે. એમાં સન્ડા દ્વીપો (સુમાત્રા અને જાવા), બોર્નિયો, સેલિબીસ, મોલક્કા અથવા મસાલાના દ્વીપો, સુલુ આર્કિપેલેગો, ફિલિપ્પાઈન દ્વીપો વગેરે આવેલા છે.

મુખ્ય શેહેરો:—જાવામાં બટેવીઆ, સેલિબીસમાં મેકેસર, મોલક્કામાં એમ્બોયના અને ફિલિપ્પાઈન દ્વીપોમાં માનિલા.

સન્ડા દ્વીપો, સુમાત્રા, સેલિબીસ અને મોલક્કાનો ઘણો ભાગ વલંદાઓને તાબેછે. બોર્નિયોનો થોડોક ભાગ અંગ્રેજને તાબે છે અને થોડોક વલંદાઓને. લબુઅનમાં સારા કોયલાની ખાણો છે. તે અંગ્રેજને તાબેછે. ફિલિપ્પાઈન બેટો સ્પેઈનને તાબેછે. સુમાત્રામાં મરી, ગુંદ, કપૂર, મોલક્કામાં જાયફળ, જાવંત્રી, લવંગ, અને ફિલિપ્પાઈનમાં શેરડી, તંબાકુ અને સણ થાયછે. બોર્નિયોમાં સોના અને હીરાની ખાણોછે. થોડાક બેટો સિવાય બાકીના બધામાં ઘણા જ્વાળામુખી પહાડો છે

એશ્યાખંડનાં મુખ્ય બંદરો— કાળો સમુદ્ર—ટ્રેબિઝોન્ડ, સિનોપ અને સ્કુટેરી; ભૂમધ્ય સમુદ્ર—સ્મર્ના, બૈરૂત, એકર, જાફા; રાતો સમુદ્ર—યેમ્બો, જીદ્દા, મોખા; એડનનું અખાત—એડન, મકલ્લા; આરબી સમુદ્ર—મસ્કત; ઈરાની અખાત—ગોમ્બ્રૂન અને બુશીર; ભરતખંડને કિનારે—જુઓ પાને ૧૮ મે; મલાક્કાની સામુદ્રધુની—પિનાંગ, મલાક્કા,

સિંગાપુર; **ચીનાઈ** સમુદ્ર—બાંકોક, સાઈગોન, હ્યુએ, મકાઉ, હોંકોંગ, કેંતાન, સ્વાટો, એમોય, ફુચ્યુ, નિંગપો, શાંઘાઈ, નાનકીન; **પીળો** સમુદ્ર—ચેફુ, ટીનસીન. **જાપાનને** કિનારે—નાગાસાકી, યોકોહામ, હાકોડેટ; **કામચાટકાનો** સમુદ્ર—પેટ્રોપોલોવસ્કી.

# यूरपखंड.

## સામાન્ય વર્ણન.

**સીમા**—ઉત્તરે, ઉત્તર મહાસાગર; પશ્ચિમે, આટલાન્ટિક મહાસાગર; દક્ષિણે, ભૂમધ્ય સમુદ્ર, આર્કિપેલેગો, મામોરાનો સમુદ્ર, કાળો સમુદ્ર, અને કોકેસસ પર્વત; પૂર્વે, કાસ્પિઅન સમુદ્ર, ઊરલ નદી અને ઊરલ પર્વત.

**દ્વીપો**—ઉત્તર મહાસાગરમાં-**નોવા ઝેમ્બ્લા, સ્પિટસબર્ગેન, લોફોડન**; આટલાન્ટિકમાં-**આઈસલેન્ડ, ફેરો, ઓર્કની, શેટલન્ડ, ગ્રેટબ્રિટન** (ઈંગ્લંડ અને સ્કોટલંડ) **આયર્લંડ**; બાલ્ટિક સમુદ્રમાં-**ઝીલન્ડ, ફ્યુનેન, લાલન્ડ, બોર્નહોમ, ઓલન્ડ, ગોથલન્ડ, ઈસલ અને આલન્ડ**; ભૂમધ્ય સમુદ્રમાં-**બેલિઆરીક** દ્વીપો (**મેજોર્કા, માઈનોર્કા, ઈવીઝા, ફોર્મેન્ટરા**), **કોર્સિકા, સાર્ડીનીઆ, સિસિલિ, માલ્ટા અને ગોઝો** (એ બે અંગ્રેજના), **આયોનીઆન** દ્વીપો અને **કેન્ડીઆ**; આર્કિપેલેગોમાં-**નેગ્રોપોન્ટ** અને **સાઈકલેડીસ**.

**દ્વીપકલ્પ**—**સ્કેન્ડીનેવીઆ** (નોર્વે અને સ્વીડન); **જુટલન્ડ, ડેન્માર્કની ઉત્તરે**; **આઈબીરીઅન** દ્વીપકલ્પ (**સ્પેઈન અને પોર્ટુગલ**); **ઈટલિ; ગ્રીસ; મોરીઆ** ગ્રીસ સાથે જોડાયલો; **ક્રિમીઆ**, રૂસ્યાની દક્ષિણે.

ભૂશિરો—ઉત્તર ભૂશિર, નોર્વેની ઉત્તરે; નોર્ડકિન, યૂરપનું છેક ઉત્તર બિંદુ; નેઈઝ, નોર્વેની દક્ષિણે; સ્કૉ, ડેન્માર્કની ઉત્તરે; રાથ, સ્કોટલન્ડની ઉત્તરે; કલીઅર, આયર્લન્ડની દક્ષિણે; લાન્ડસઍન્ડ, ઈંગ્લંડની નૈઋત્યે; લાહોગ, ફ્રાન્સની વાયવ્યે; ઑર્ટિગલ અને ફિનિસ્ટર, સ્પેઈનની વાયવ્યે; રોકા અને સેન્ટવિન્સેન્ટ, પોર્ટુગલની પશ્ચિમે; સ્પાર્ટીવેન્ટો, ઇટલિની દક્ષિણે; માટાપાન, ગ્રીસની દક્ષિણે.

પર્વતો—ઊરલ અને કૉકેસસ, યૂરપ અને એશ્યાની વચ્ચે; આલ્પ્સ (મુ૦ શિખર મોન્ટબ્લૅંગ), ઇટલિને જર્મનિ, સ્વિટ્ઝર્લન્ડ અને ફ્રાન્સથી જૂદો પાડેછે; પિરિનીઝ, ફ્રાન્સ અને સ્પેઈનની વચ્ચે; એપિનાઈન, ઇટલિમાં; હીમસ અથવા બાલ્કન, તુર્કસ્તાનમાં; કાર્પેથીઅન પર્વત, ઑસ્ટ્રિઆમાં; ડોફ્રિના, નોર્વેમાં; કોલન પર્વત, નોર્વે અને સ્વીડનની વચ્ચે; ગ્રૅમ્પીઅન પર્વત, સ્કોટલન્ડમાં. જ્વાળામુખી પર્વતો-વિસૂવીઅસ, ઇટલિમાં; એટના, સિસિલિમાં; હેકલા, આઇસલન્ડમાં.

સંયોગીભૂમિ—કોરિંથની સંયોગીભૂમિ ગ્રીસ અને મોરીઆને જોડેછે; પેરીકોપની સંયોગીભૂમિ ક્રિમીઆ અને રૂશ્યાને જોડેછે.

સમુદ્રો—શ્વેત સમુદ્ર, રૂશ્યાની ઉત્તરે; સ્કાગારાક, ડેન્માર્ક અને નોર્વેની વચ્ચે; કેટીગાટ, ડેન્માર્ક અને સ્વીડનની વચ્ચે; બાલ્ટિક સમુદ્ર, સ્વીડન, પ્રૂશ્યા અને રૂશ્યાની વચ્ચે; જર્મન સમુદ્ર, ગ્રેટબ્રિટન અને ખંડની વચ્ચે; સેન્ટ જ્યોર્જીસ ચાનલ અને આયરિશ સમુદ્ર, ગ્રેટબ્રિટન અને આયર્લંડની વચ્ચે; ઈંગ્લિશ ચાનલ, ઈંગ્લંડ અને ફ્રાન્સની વચ્ચે; ભૂમધ્ય સમુદ્ર, યૂરપ અને આફ્રિકાની વચ્ચે; આડ્રિઆટિક સમુદ્ર, ઇટલિ અને તુર્કસ્તાનની વચ્ચે; આર્કિપેલેગો, ગ્રીસ અને

એશ્યાઈ તુર્કસ્તાનની વચ્ચે; **મારમોરા**નો સમુદ્ર, યુરપ અને એશ્યાઇ તુર્કસ્તાનની વચ્ચે; **કાળો સમુદ્ર**, રૂશ્યા અને એશ્યાઈ તુર્કસ્તાનની વચ્ચે; **આઝોફ**નો સમુદ્ર, રૂશ્યાની દક્ષિણે.

**અખાત અને ઉપસાગર**—રેગા અને ફિન્લાંડનાં અખાત, રૂશ્યાની પશ્ચિમે; **બોથનીઆ**નું અખાત, સ્વીડન અને રૂશ્યાની વચ્ચે; **બિસ્કે**નો ઉપસાગર, ફ્રાન્સની પશ્ચિમે અને સ્પેઇનની ઉત્તરે; **લાયન્સ**નું અખાત, ફ્રાન્સની દક્ષિણે; **જીનોઆ**નું અખાત, ઇટલિની વાયવ્યે; **ટરન્ટો**નું અખાત, ઇટલિની દક્ષિણે.

**સામુદ્રધુની**—**ઉવેગેટ્ઝ**ની સામુ૦, રૂશ્યા અને નોવાઝેમ્બ્લાની વચ્ચે; **સાઉન્ડ**, સ્વીડન અને ઝીલંડની વચ્ચે; **ગ્રેટબેલ્ટ**, ઝીલંડ અને ફ્યૂનેનની વચ્ચે; **લિટલબેલ્ટ**, ફ્યૂનેન અને સ્લેઝવીકની વચ્ચે; **ડોવર**ની સામુ૦ જર્મન સમુદ્ર અને ઈંગ્લિશ ચાનલને જોડેછે; **જીબ્રોલ્ટર**ની સામુ૦ આટલાન્ટિક મહાસાગર અને ભૂમધ્ય સમુદ્રને જોડેછે; **બોનિફાકો**ની સામુ૦, કોર્સિકા અને સાર્ડિનીઆની વચ્ચે; **મેસીના**ની સામુ૦, ઇટલિ અને સિસિલિની વચ્ચે; **ડાર્ડનાલ**ની સામુ૦, આર્કિપેલગો અને મારમોરાની વચ્ચે; **બોસ્પરસ**ની સામુ૦, મારમોરા અને કાળા સમુદ્ર વચ્ચે;

**સરોવરો**—**લાડોગા**, **ઓનીગા**, અને **પેઈપસ**, રૂશ્યામાં; **વેનાર**, **વેટર** અને **મિલાર**, સ્વીડનમાં; **જીનીવા** અને **કોન્સ્ટન્સ**, સ્વિટ્ઝર્લંડમાં; **ગાર્ડા**, ઇટલિમાં; **બેલેટન**, ઑસ્ટ્રિઆમાં.

**નદીઓ**—**પેચોરા**, ઉત્તર મહાસાગરમાં પડેછે; **ઉત્તર ડ્વીના**, રૂશ્યામાં, શ્વેત સમુદ્રમાં પડેછે. **દક્ષિણ ડ્વીના**, રૂશ્યામાં, રેગાના અખાતમાં પડેછે. **ઓડર**, પ્રૂશ્યામાં, અને **વિસ્ચુલા**, રૂશ્યાઈ પોલાન્ડ અને પ્રૂશ્યામાં, બન્ને બાલ્ટિક સમુદ્રમાં પડેછે; **એલ્બ**, જર્મનિમાં, જર્મન સમુદ્રમાં પડેછે;

ર્‌હાઈન, સ્વિત્ઝર્લન્ડ, જર્મનિ, અને હોલન્ડમાં, જર્મન સમુદ્રમાં પડેછે; ટેમ્ઝ, ઈંગ્લંડની દક્ષિણે, જર્મન સમુદ્રમાં પડેછે. સેઈન, ફ્રાન્સની ઉત્તરે, લ્વોર, અને ગેરોન, ફ્રાન્સની પશ્ચિમે, બિસ્કેના ઉપસાગરમાં પડેછે. ટેગસ, ડુરો, અને ગોડીઆના, સ્પેઇન અને પોર્ટુગલમાં, ગોડલક્વિવર, સ્પેઇનમાં, આટલાન્ટિક મહાસાગરમાં પડેછે. ઈબ્રો, સ્પેઇનમાં, ભૂમધ્ય સમુદ્રમાં પડેછે. ર્‌હોન, ફ્રાન્સની દક્ષિણે, લાયન્સના અખાતમાં પડેછે. પો, ઈટલિની ઉત્તરે, આડ્રિઆટિક સમુદ્રમાં પડેછે. ડાન્યુબ, જર્મનિ, ઑસ્ટ્રિઆ, તુર્કસ્તાન, રૂમેનીઆ અને સર્વિઆમાં, કાળા સમુદ્રમાં પડેછે. નીસ્ટર અને નીપર, રૂશ્યામાં, કાળા સમુદ્રમાં પડેછે. ડોન, રૂશ્યામાં, આઝાફના સમુદ્રમાં પડેછે. વોલ્ગા, રૂશ્યામાં, કાસ્પિઅન સમુદ્રમાં પડેછે.



# યૂરપખંડના રાજકીય વિભાગો.

| દેશો. | મુખ્ય શેહેર. | બીજાં શેહેરો. |
|---|---|---|
| ઈંગ્લંડ ... ... | લંડન (ટેમ્ઝ ઉપર) ... | માન્ચેસ્ટર, લિવરપુલ. |
| સ્કોટલંડ... ... | એડિન્બરો (ફોર્થ ઉપર). | ગ્લાસ્ગો, પેઇસ્લી. |
| આયર્લંડ... ... | ડબ્લિન (લિફી ઉપર). | બેલ્ફાસ્ટ, કોર્ક. |
| ફ્રાંસ ... ... | પેરિસ (સેઇન ઉપર)... | લાયન્સ, બોર્ડો, માર્સેલ્સ. |
| સ્પેઈન ... ... | માડ્રિડ (માંઝનારીઝપર). | બાર્સિલોના, ટોલિડો. |
| પોર્ટુગલ... ... | લિસ્બન ( ટેગસ ઉપર ). | ઓપોર્ટો, સેટયુબલ. |
| બેલ્જીયમ ... | બ્રસેલ્સ (સેન ઉપર) ... | આન્ટવર્પ, ઘેન્ટ. |
| હોલંડ ... ... | આમ્સ્ટર્ડામ (આમ્સ્ટેલપર)... | રોટર્ડામ, હેગ. |
| જર્મન રાજ્ય ... | બર્લિન (સ્પ્રી ઉપર) ... | કોનિગ્ઝબર્ગ, ડાન્ઝિગ. |
| ડેન્માર્ક ... .. | કોપનહેગન (સાઉન્ડપર). | એલ્સિનોર, ઓડેન્સિ. |
| નોર્વે ... ... | ક્રિસ્ટિઆનીઆ... ... | ફ્રેડરિકશાલ, બર્ગેન. |
| સ્વીડન ... ... | સ્ટોકહોમ (મિલરસરોવપર)... | અપ્સલા, કાર્લસ્ક્રોના. |
| રૂશ્યા ... ... | સેંટપીટર્સબર્ગ (નીવાપર). | ક્રોન્સ્ટાડ, નોવગોરોડ, મોસ્કો. |
| ઑસ્ટ્રિઆ ... | વાયેના (ડાન્યુબ ઉપર). | પ્રેસ્બર્ગ, બ્યૂડા, પેસ્થ. |
| સ્વિટ્ઝર્લંડ ... | બર્ન (આર ઉપર) ... | જીનીવા, બેઇલ, ઝૂરીચ. |
| ઈટલિ ... ... | રોમ (ટાઇબર ઉપર)... | ફ્લોરન્સ, જીનોઆ. |
| તુર્કસ્તાન ... | કોનસ્ટાન્ટિનોપલ ... | આડ્રિઆનોપલ. |
| રૂમેનીઆ ... | બુચરેસ્ટ ... ... | જાસી, ગેલેટ્ઝ. |
| સર્વિઆ... ... | બેલગ્રેઇડ ... ... | નિસ્સા. |
| મોન્ટીનીગ્રો ... | ત્રેટીની... ... ... | એન્ટિવરિ. |
| ગ્રીસ ... ... | એથેન્સ (ઇજાયનાઉપર). | મિસોલોંગી, કોરિંથ. |

# आफ्रिका.

| રાજકીય વિભાગો. | મુખ્ય શેહેર. | બીજાં શેહેરો. |
|---|---|---|
| **૧ ઈજીપ્ટ કે મિસરનું રાજ્ય** | | |
| શુદ્ધ ઈજીપ્ટ કે મિસર ... | કેરો (નાઈલ ઉપર) ... | એલેકઝેન્ડ્રીઆ, રોઝેટા. |
| ન્યૂબીઆ ... ... ... | ખાર્ટુમ (નાઈલ ઉપર)... | મેસોવા, સુઆકિન. |
| મિસરી સૂડાન... ... ... | | |
| **૨ બાબરિ સંસ્થાનો ...** | | |
| ટ્રિપોલિ (તુર્કિનું) ... ... | ટ્રિપોલિ ... ... ... | |
| બાર્કા ... ... ... ... | ડર્ના... ... ... ... | |
| ફેઝાન ... ... ... ... | મોર્ઝુક ... ... ... | |
| ટ્યૂનિસ (ફ્રેન્ચ રક્ષણતળે)... | ટ્યૂનિસ (કિનારે) ... | |
| આલ્જીરીઆ (ફ્રેન્ચનું) ... | આલ્જીઅર્સ ... ... | કોન્સ્ટનટાઈન. |
| મોરોક્કો ... ... ... ... | મોરોક્કો ... ... ... | ફેઝ. |
| **૩ પશ્ચિમ આફ્રિકા ...** | | |
| સેનિગેમ્બીઆ... ... ... | બેથર્સ્ટ (ગેમ્બીઆપર). | સેન્ટલુઈ. |
| અપર ગિની ... ... ... | કેપ કોસ્ટકેસ્લ ... ... | ફ્રીટાઉન, લેગોસ. |
| લોઅર ગિની ... ... ... | સેનસેલ્વેડોર ... ... | |
| **૪ દક્ષિણ આફ્રિકા... ...** | | |
| કેપ કોલોનિ (અંગ્રેજનો) ... | કેપટાઉન(ટેબલઉપસા૦). | |
| નાટાલ ... ... ... ... | પાટરમેરીટઝબર્ગ ... | પોર્ટ નાટાલ. |
| ટ્રાંસવાલ... ... ... ... | પ્રિટોરીઆ... ... ... | |
| ઓરેન્જ નદીનું સંસ્થાન ... | બ્લોમફોન્ટીન ... ... | |
| **૫ પૂર્વ આફ્રિકા ... ...** | | |
| સોફાલા... ... ... ... | સોફાલા ... ... ... | |
| મોઝામ્બીક (ફિરંગીનું) ... | મોઝામ્બીક (કિનારાપર). | |
| ઝાંઝીબાર ... ... ... | ઝાંઝીબાર ... ... ... | |
| એજન ... ... ... ... | | |
| સોમાલિ... ... ... ... | | |
| **૬ એબિસિનિઆ... ...** | ગોંડર(ડેમ્બીઆ સરો૦). | મગદલા. |
| **૭ મધ્ય આફ્રિકા ... ...** | | |
| સહરા કે મોટું રણ ... ... | એગાડેઝ ... ... ... | |
| નિગ્રિશ્યા કે સૂડાન... ... | ટિમ્બક્ટુ(નાઈજરઉપર). | સેગો, સોકોટો. |

**સીમા**— ઉત્તરે, ભૂમધ્ય સમુદ્ર; પશ્ચિમે, આટલાન્ટિક મહાસાગર; દક્ષિણે, દક્ષિણ મહાસાગર; પૂર્વે, હિંદી મહાસાગર, રાતો સમુદ્ર અને સૂએઝની સંયોગીભૂમિ.

**દ્વીપો**— આટલાન્ટિક મહાસાગરમાં–મડીરા (ફિરંગીના), કેનેરી (સ્પેઈનના), કેપ વર્ડ (ફિરંગીના), ફર્નાન્ડોપો (સ્પેઈનનો), સેન્ટ ટોમસ (ફિરંગીનો), એસેનશન અને સેન્ટ હેલીના (અંગ્રેજના); હિંદી મહાસાગરમાં–મેડાગાસ્કર (મુ૦ શ૦ ટેનાનરીવો), રીયૂનીઅન અથવા બુર્બો (ફ્રાન્સનો), મોરિશયસ (અંગ્રેજનો, ખાંડ સારૂ પ્રખ્યાત, મુ૦ શ૦ પોર્ટલુઈ), કોમોરો, સેશલ્ઝ, રોડ્રિગેઝ, અને એમિરેન્ટ (એ ત્રણ અંગ્રેજના), અને સોકોટ્રા (એમાં સરસ એળીઓ થાયછે).

**સંયોગીભૂમિ**— સૂએઝની સંયોગીભૂમિ, આફ્રિકા અને એશ્યાને જોડેછે.

**ભૂશિરો**—બોન અને સ્પાર્ટલ, ઉત્તરમાં; બ્લેંકો અને વર્ડ, પશ્ચિમે; પાલ્માસ અને ફોર્મોસા, અપર ગિનીની દક્ષિણે; લોપેઝ અને નીગ્રો, લોઅર ગિનીની પશ્ચિમે; ગુડ હોપ અને એગલ્હાસ, કેપ કોલોનિની દક્ષિણે; ગાર્ડાફૂઈ, પૂર્વમાં.

**પર્વતો**— એટલાસ પર્વત, બાર્બરિની પશ્ચિમે; કોંગ પર્વત, સૂડાનની દક્ષિણે; કેમેરૂન, ફર્નાન્ડોપોની સામા; એબિસિનિઆના પર્વતો; કેનીઆ અને કિલિમંજારો, વિક્ટોરીઆ નિયાંઝાની પાસે; લ્યૂપાટાના પર્વતો, મોઝામ્બીકની પશ્ચિમે; ડ્રેકન્સબર્ગ, નાટાલમાં; કમ્પસબર્ગ, કેપ કોલોનિમાં.

**અખાત અને ઉપસાગર**—સીડ્રા અને કેબિઝનાં અખાત, ઉત્તરમાં; ગિનીનું અખાત, પશ્ચિમમાં; સેલ્ડાના અને ફોલ્સાના

ઉપસાગરો, દક્ષિણમાં; ડિલેગોઆ અને સોફાલાના ઉપસાગર, પૂર્વમાં; મોઝામ્બીકની ખાડી, ખંડ અને મેડાગાસ્કરની વચ્ચે.

સરોવરો—ચાડ, નિગ્રિશ્યામાં; ડેમ્બીઆ, એબિસિનિઆમાં; વિક્ટોરીઆ નિયાંઝા અને આલ્બર્ટ નિયાંઝા, વિષુવવૃત્તની પાસે; ટેંગનીકા, બેંગ્વીઓલો, દક્ષિણ આફ્રિકામાં; નિયાસ્સા અને શિર્વા, ઝામ્બીઝીની પાસે.

નદીઓ—નાઈલ,* એ વિક્ટોરીઆ નિયાંઝામાંથી નીકળી ન્યૂબીઆ અને ઈજીપ્ટમાં થઈ ભૂમધ્ય સમુદ્રમાં પડેછે. સેનિગલ, સેનિગેમ્બીઆની ઉત્તરે અને ગેમ્બીઆ, સેનિગેમ્બીઆની દક્ષિણે, આટલાન્ટિક મહાસાગરમાં પડેછે. નાઈજર અથવા કવોરા, નિગ્રિશ્યાની પશ્ચિમે થઈ બેનિનના ઉપસાગરમાં પડેછે. કોંગો, કોંગો સ્વતંત્ર સંસ્થાનમાં થઈ આટલાન્ટિક મહાસાગરમાં પડેછે. ઓરેન્જ અથવા ગેરીપ, હોટેન્ટોટના દેશની ઉત્તરે થઈ આટલાન્ટિક મહાસાગરમાં પડેછે. ઝામ્બીઝી, પૂર્વ આફ્રિકામાં થઈ મોઝામ્બીક ખાડીમાં પડેછે.

# उत्तर अमेरिका.

સીમા— ઉત્તરે, ઉત્તર મહાસાગર; પશ્ચિમે, પાસિફિક મહાસાગર; દક્ષિણે, પાસિફિક મહાસાગર, પનામાની સંયોગીભૂમિ અને મેક્સિકોનું અખાત; પૂર્વે, આટલાન્ટિક મહાસાગર.

---

* એની શાખાઃ—બ્હેરલગેઝલ, સોબટ, બ્હેરલએઝરક, એટબારા, વગેરે.

| રાજકીય વિભાગો. | મુખ્ય શેહેર. | બીજાં શેહેરો. |
|---|---|---|
| ૧ બ્રિટિશ અમેરિકા અથવા કેનેડાનું રાજ્ય. | ઓટાવા (ઓટવા ઉપર)... | ક્વિબેક, મોન્ટ્રીલ. |
| ૨ યુનાઈટેડ સ્ટેટસ એલાસ્કા સહિત ... | વાશિંગ્ટન (પોટોમેકપર)... | ન્યૂયોર્ક, બોસ્ટન, ફિલાડેલ્ફીઆ. |
| ૩ મેક્સિકો ... ... | મેક્સિકો (ટેઝકૂકો સરો૦પર). | મેટેમોરાઝ. |
| ૪ મધ્ય અમેરિકા ... | ન્યૂ ગ્વાટિમાલા ... ... | સેનસેલ્વેડોર. |

દ્વીપો— આટલાન્ટિક મહાસાગરમાં-ગ્રીનલન્ડ (ડેન્માર્કનું, મુ૦ શે૦ જૂલીઅનશાબ); ન્યૂફાઉન્ડલન્ડ, એન્ટીકોસ્ટી, પ્રિન્સ એડવર્ડ, કેપબ્રેટન, બર્મુડા, બાહામા (એ સઘળા અંગ્રેજના); પશ્ચિમ હિંદી દ્વીપો-કયૂબા (સ્પેઈનનો, મુ૦ શે૦ હેવાના), હેઈટી, પોર્ટોરીકો (સ્પેઈનનો), જમેઈકા (અંગ્રેજનો); પાસિફિક મહાસાગરમાં-વેંકુવર, ક્વીનચાર્લોટ, પ્રિન્સ ઑાવ્ વેલ્સ (અંગ્રેજના), સિટકા; ઉત્તર મહાસાગરમાં-પેરી, બેંકસલન્ડ, પ્રિન્સ આલ્બર્ટલન્ડ, કોકબર્ન અને મેલ્વિલ (બધા અંગ્રેજના).

દ્વીપકલ્પો— લેબ્રેડોર અને નોવા સ્કોશિઆ, પૂર્વમાં; ફલોરીડા અને યુકેટાન દક્ષિણમાં; લોઅર કેલિફોર્નિઆ, નૈઋત્યે; એલાસ્કા, વાયવ્યે.

સંયોગીભૂમિ— પનામાની સંયોગીભૂમિ ઉત્તર અને દક્ષિણ અમેરિકાને જોડેછે ; ટીહાન્ટીપેકની સંયોગીભૂમિ, મેક્સિકોનું અખાત અને પાસિફિક મહાસાગરની વચ્ચે.

**ભૂશિરો**—**ફેરવેલ**, ગ્રીનલન્ડની દક્ષિણે; **ચડલી અને ચાર્લ્સ**, લેબ્રેડોરની પૂર્વે; **રેઈસ**, ન્યૂફાઉન્ડલન્ડની દક્ષિણે; **સેબલ**, નોવા સ્કોશિઆની દક્ષિણે; **હેટરાસ**, યુનાઈટેડ સ્ટેટસની પૂર્વે; **ટંચા અથવા સેબલ**, ફ્લોરીડાની દક્ષિણે; **કેટોચ**, યુકેટાનની ઈશાનમાં; **ગ્રેશ્યાસ આડીઓસ**, હોન્ડુરાસની પૂર્વે; **સેન્ટ લ્યુકાસ**, લોઅર કેલિફોર્નિઆની દક્ષિણે; **પ્રિન્સ ઑવ્ વેલ્સ**, બ્હેરિંગની સામુદ્રધુની આગળ.

**પર્વતો**—**રોકી*** પર્વતો. એની હાર મેકેન્ઝી નદીના મુખ આગળથી મધ્ય અમેરિકામાં નિકારાગુઆ સરોવર સુધી છે. **પાસિફિક**†ની હાર એલાસ્કાથી કેલિફોર્નિઆના દક્ષિણ છેડા સુધી ગયલી છે. **એપેલેચીઆના** અથવા **એલીઘની** પર્વતો, યુનાઈટેડ સ્ટેટસમાં. **જ્વાળામુખી પર્વતો**—પોપોકેટીપેટલ અને ઓરીઝાબા, મેક્સિકોમાં.

**અખાત અને ઉપસાગર**—**બેફિનનો** ઉપસાગર, ગ્રીનલંડની પાયવ્યે; **હડસનનો** ઉપસાગર, બ્રિટિશ અમેરિકાની ઉત્તરે; **સેન્ટ લોરેન્સનું** અખાત, બ્રિટિશ અમેરિકા અને ન્યૂફાઉન્ડલંડની વચ્ચે; **ફન્ડીનો** ઉપસાગર, નોવા સ્કોશિઆ અને ન્યૂબ્રંઝવીકની વચ્ચે; **ચેસેપીકનો** ઉપસાગર, યુનાઈટેડ સ્ટેટસની પૂર્વે; **મેક્સિકોનું** અખાત, યુનાઈટેડ સ્ટેટસની દક્ષિણે; **હોન્ડુરાસ** અને **પનામાના** ઉપસાગર, મધ્ય અમેરિકાને કિનારે; **કેલિફોર્નિઆનું** અખાત, મેક્સિકોની પશ્ચિમે.

**સામુદ્રધુનીઓ**—**ડેવિસની** સામુ૦ આટલાન્ટિક મહાસાગર અને બેફિનના ઉપસાગરને જોડેછે. **હડસનની** સામુ૦, આટલાન્ટિક મહાસાગર અને હડસનના ઉપસાગરની વચ્ચે; **જૂઆન ડી ફ્યુકાની** સામુ૦, વેંકૂવર બેટ અને યુનાઈટેડ સ્ટેટસની વચ્ચે; **બ્હેરિંગની** સામુ૦, ઉત્તર અમેરિકા અને એશ્યાની વચ્ચે.

---

* એનાં શિખરોઃ—બ્રાઉન, હૂકર, ફ્રામોન્ટસ્પીક, લોંગ્સ્પીક વગેરે.
† એનાં શિખરઃ—ફેરવેધર અને સેન્ટ એલીઆસ.

**સરોવરો**—ગ્રેટ બેર, ગ્રેટ સ્લેઈવ, એથાબાસ્કા, ઉવીનીપેગ, ઉવીનીપેગુસ, બ્રિટિશ અમેરિકામાં; સુપીરીઅર (દુનિયામાં સૌથી મોટું મીઠા પાણીનું સરોવર), ધૂરન, એરી, અને ઓન્ટેરીઓ, બ્રિટિશ અમેરિકા અને યુનાઇટેડ સ્ટેટસની વચ્ચે; મિચિગન અને ગ્રેટ સોલ્ટ, યુનાઇટેડ સ્ટેટસમાં; ચપાલા, મેક્સિકોમાં; નિકારાગુઆ, મધ્ય અમેરિકામાં.

**નદીઓ**—**સેન્ટ લોરેન્સ** બ્રિટિશ અમેરિકાના અગ્નિ કોણમાં થઇ સેન્ટ લોરેન્સના અખાતમાં પડેછે. **મિસિસિપિ*** યુનાઇટેડ સ્ટેટસમાં થઇ મેક્સિકોના અખાતમાં પડેછે. **રીઓ ગ્રાન્ડી ડેલાનોર્ટ**, મેક્સિકો અને યુનાઇટેડ સ્ટેટસની વચ્ચે થઇ મેક્સિકોના અખાતમાં પડેછે. **કોલો-રેડો** મેક્સિકોના અખાતમાં પડેછે. **સેક્રેમેન્ટો** અને **કોલંબિઆ** બ્રિટિશ કોલંબિઆમાંથી નીકળી યુનાઇટેડસ્ટેટસની વાયવ્યે થઇ પાસિફિક મહાસાગરમાં પડેછે. **મેકેન્ઝી, કોપરમાઈન**, અને **બેક**, બ્રિટિશ અમેરિકાના વાયવ્ય પ્રાંતોમાં, ઉત્તર મહાસાગરમાં પડેછે. **સસ્કેચિવાન** બ્રિટિશ અમેરિકામાં, રોકી પર્વતમાંથી નીકળી હડસન ઉપસાગરમાં પડેછે.

# दक्षिण अमेरिका.

**સીમા**—ઉત્તરે, કેરિબીઅન સમુદ્ર અને પનામાની સંયોગીભૂમિ; પશ્ચિમે, પાસિફિક મહાસાગર; દક્ષિણે, દક્ષિણ મહાસાગર; પૂર્વે, આટલા-ન્ટિક મહાસાગર.

**દ્વીપો**—ગેલેપાગો, ઈક્વેડોરની પશ્ચિમે; **ચિંચા**, પિરૂની પશ્ચિમે; **જુઆન ફર્નાન્ડીઝ**, ચિલિની પશ્ચિમે; **ચિલુ** અને **વેલિંગ્ટન**, પેટે-

* એની શાખાઃ—મિસુરી, ઈલિનોઈઝ, ઓહીઓ, આર્કેન્સાસ વગેરે.

ગોનીઆની પશ્ચિમે ; **ટીરાડેલ ફ્યેગો**, પેટેગોનીઆની દક્ષિણે ; **ફોકલાન્ડ** (અંગ્રેજના), પેટેગોનીઆની પૂર્વે.

**સંયોગીભૂમિ**— **પનામા** અથવા **ડેરીઅન**ની સંયોગીભૂમિ, ઉત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે.

**ભૂશિરો**— **સેન ફ્રાન્સિસ્કો**, ઇક્વેડોરની પશ્ચિમે ; **બ્લેંકો**, પિરૂની પશ્ચિમે; **હોર્ન**, ટીરાડેલ ફ્યેગોની દક્ષિણે; **સેન્ટ રોમ**, **બ્રેંકો** અને **સેન્ટ રોક**, બ્રાઝિલની પૂર્વે; **ગેલિનાસ**, કોલમ્બિઆની ઇશાનમાં.

**સમુદ્રો, અખાતો અને ઉપસાગરો**— **કેરિબ્બીઅન** સમુદ્ર દક્ષિણ અમેરિકા અને પશ્ચિમ હિંદીદ્વીપો વચ્ચે; **ડેરીઅન**નું અખાત, કોલમ્બીઆને કિનારે ; **મેરેકેઈબો**નું અખાત, વેનિઝ્વીલાને કિનારે ; **ગાયકીલ**નું અખાત અને **પનામા**નો ઉપસાગર, કોલમ્બીઆને કિનારે.

**સામુદ્રધુની**— **મેગેલન**ની સામુદ્રધુની, પેટેગોનીઆ અને ટીરાડેલ-ફ્યેગોની વચ્ચે.

**પર્વતો**— **એન્ડીસ**.* એની હાર પશ્ચિમ કિનારે પનામાની સંયોગીભૂમિથી હોર્ન ભૂશિર સુધી આવેલી છે.

**નદીઓ**— **મેગ્ડલીના**, કોલમ્બીઆમાં; કેરિબ્બીઅન સમુદ્રમાં પડેછે. **ઓરિનોકો**, વેનિઝ્વીલામાં, **એમેઝોન**† અથવા **મેરેનોન** (દુનીઆમાં સૌથી મ્હોટી), અને **સેન ફ્રાંસિસ્કો**, બ્રાઝિલમાં, **લાપ્લાટા**, અને **કોલોરેડો**, લાપ્લાટામાં, એ બધી નદીઓ આટલાંટિક મહાસાગરમાં પડેછે.

**સરોવરો**— **મેરેકેઈબો**, વેનિઝ્વીલામાં; **ટિટિકાકા**, પિરૂ અને બોલિવિઆની વચ્ચે ; **ડોસપેટોસ**, બ્રાઝિલના અગ્નિ કોણમાં.

---

* એનાં મુખ્ય શિખરો:—સોરાટા (સૌથી ઉંચું), બોલિવીઆમાં; ચિમ્બોરાઝો, કોટોપેક્સિ અને એન્ટીઝાના ( બન્ને જ્વાળામુખી ), ઇક્વેડોરમાં; એકોંકાગુઆ (જ્વાળામુખી), ચિલિમાં.

† એની મોટી શાખાઃ— મડીરા, નીગ્રો વગેરે.

# દક્ષિણ અમેરિકાના રાજકીય વિભાગો.

| દેશ. | મુખ્ય શેહેર. | બીજાં શેહેર. |
|---|---|---|
| ઉત્તરે. | | |
| કોલમ્બીઆ ... | બોગોટા (ફ્રાન્સિસ્કો પર) ... | પનામા. |
| વેનિઝવીલા ... | કેરેકસ (કિનારે) ... ... | મરકેઈબો. |
| બ્રિટિશ ગાયેના ... | જ્યોર્જટાઉન (કિનારે) ... | |
| ડચ ગાયેના... ... | પેરમરિબો (કિનારે) ... ... | |
| ફ્રેન્ચ ગાયેના ... | કેયીન (કિનારે) ... ... | |
| પશ્ચિમે. | | |
| ઈક્વેડોર અને ગાલેપાગો દ્વીપો ... | કીટો (એસ્મેરાલ્ડાસ ઉપર)... | ગાયકીલ. |
| પિરૂ ... ... ... | લિમા (કિનારે) ... ... | પાસ્કો. |
| બોલિવિઆ ... | ચુકિવસાકા (પિલ્કોમયોપર) ... | લાપાઝ. |
| ચિલિ... ... ... | શન્શીઆગો (મપોચો ઉપર)... | વાલ્પરીસો. |
| પૂર્વે. | | |
| બ્રાઝિલ ... ... | રીઓડીજેનેરો (કિનારે) ... | પર્નામ્બૂકો. |
| ઉરૂગ્વે... ... ... | મોન્ટીવીડીઓ (લાપ્લાટાઉપર). | |
| દક્ષિણે. | | |
| પેટેગોનિઆ અને ટીરાડેલફ્વેગો ... | પન્ટાએરીનાસ (છેક દક્ષિણે). | |
| ફોકલંડ દ્વીપો ... | | |
| દક્ષિણ જ્યોર્જીઆ. | | |
| લાપ્લાટા ... ... | બોનસએરિઝ (લાપ્લાટા પર). | |
| પેરેગ્વે... ... ... | એસેન્શાન (પેરેગ્વે ઉપર) ... | |

# ओशिआनिआ.

**ઓશિઆનિઆ,** આ નામ પૃથ્વીના છઠ્ઠા ખંડને આપેલું છે. એમાં પાસિફિક મહાસાગરમાંના અનેક દ્વીપો અને દ્વીપોના સમૂહો સમાયલા છે. એના ચાર મોટા ભાગ કીધા છે:—(૧) **મલેશ્યા,** વાયવ્ય કોણમાં; (૨) **ઑસ્ત્રલેશ્યા,** નૈઋત્ય કોણમાં; (૩) **માઈક્રોનિશ્યા,** ઈશાન કોણમાં; (૪) **પોલિનિશ્યા,** અગ્નિ કોણમાં.

## (૧) મલેશ્યા.

મલેશ્યા ચીન અને ઑસ્ત્રલેશ્યાની વચ્ચે છે. એનાં મુખ્ય ભાગો તથા શેહેરો નીચે પ્રમાણે:—

**સન્ડા દ્વીપો** (એમા **સુમાત્રા** મુ૦ શે૦ **બેંકૂલેન** અને **જાવા** મુ૦ શે૦ બટેવીઆ); **બોર્નિયો**—બોર્નિયો. **સેલિબીસ**—એમ્બોયના. **મોલક્કા** અને **બંદા** અથવા મસાલાના દ્વીપો—મેકેસર. **ફિલિપ્પાઈન દ્વીપો** (એના ભાગ લૂઝોન અને મિન્ડેનેઓ)—**માનિલા. સુલુ દ્વીપો—બંમ્બોઆ.**

## (૨) ઑસ્ત્રલેશ્યા.

ઑસ્ત્રલેશ્યા (દક્ષિણ એશ્યા), એ હિંદી મહાસાગર અને દક્ષિણ પાસિફિક મહાસાગરની વચ્ચે છે. એના મુખ્ય મોટા ભાગો **ઑસ્ત્રેલિઆ, ટસ્મેનિઆ,** અને ન્યૂઝીલાંડ છે. એ સિવાય **પેપુઆ** અથવા ન્યૂ-ગિની, ન્યૂબ્રિટન, ન્યૂઆયર્લંડ, એડમીરાલ્ટી દ્વીપો, સોલોમન દ્વીપો, ન્યૂહેબ્રિડિઝ, ન્યૂકેલિડોનિઆ વગેરે છે.

**ઑસ્ત્રેલિઆ,** એ દુનિયામાં સૌથી મોટો બેટ છે. એનાં ભાગો તથા મુખ્ય શેહેરો:—

(૧) ક્વીન્સલન્ડ—બ્રિસ્બેઇન. (૨) ન્યૂ સાઉથ વેલ્સ-સિડની. (૩) વિકટોરીઆ—મેલ્બોર્ન. (૪) દક્ષિણ ઑસ્ટ્રેલિઆ—એડીલેઇડ. (૫) પશ્ચિમ ઑસ્ટ્રેલિઆ—પર્થ.

ટેસ્મેનિઆ અથવા વેન ડીમેન્સલેન્ડ, ઑસ્ટ્રેલિઆની દક્ષિણે છે. મુખ્ય શેહેર-હોબર્ટટાઉન.

ન્યૂઝીલન્ડ બે દ્વીપો મળીને થયલો છે. મુ૦ શે૦ વેલિંગ્ટન અને ઓકલંડ.

## (૩) માઇક્રોનિશ્યા.

માઇક્રોનિશ્યા (નાના દ્વીપો), એ મલેશ્યા અને ઉત્તર અમેરિકાની વચ્ચે છે. એના મુખ્ય ભાગો:—બોનિન દ્વીપો, લેડ્રોન, કેરોલિન, પેલ્યુ, માર્શલ અને સેન્ડિચ.

## (૪) પૉલિનિશ્યા.

પૉલિનિશ્યા (અનેક દ્વીપો), એ ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકાની વચ્ચે છે. એના મુખ્ય ભાગો:— ફિજી દ્વીપો, નેવિગેટર દ્વીપો, ફ્રેન્ડલી દ્વીપો, કુક દ્વીપો, સોસાયટી દ્વીપો, માર્કીસ વગેરે.

ઓશિઆનિઆનાં સંસ્થાનો ચાર યૂરપી રાજ્યને તાબે છે.

અંગ્રેજના—ઑસ્ટ્રેલિઆ, ટેસ્મેનિઆ, ન્યૂઝીલન્ડ.

વલંદાના—સન્ડા દ્વીપો અને મલેશ્યાનો ઘણો ભાગ.

સ્પેઈનના—ફિલિપ્પાઇન દ્વીપો, લેડ્રોન દ્વીપો.

ફ્રાન્સના— ન્યૂકેલિડોનિઆ, માર્કીસા વગેરે.

## મોટી નદીઓ અને તેઓને કિનારે આવેલાં શેહેરોઃ—

એશયા—યુફ્રેટિસ-બસ્રા, હિલ્લે, અર્ઝરૂમ. તૈગ્રિસ-બગદાદ, મોસલ, ડાયરબકર. ભરતખંડની નદીઓ-જુઓ પાને ૧૭-૧૮ મે. યાંગ્સિકયાંગ-નાનકીન. હોઆંગહો-કૈફોંગ. આમૂર-સગેલિયનુલા. લીના-યાકુટસ્ક. યેનિસી-અર્ગો. ઓબી-ટોમ્સ્ક. આમૂ-ખીવ, ખંડુઝ. સરદરીઆ-ટાશ્કંડ, ઓકન.

યૂરપ—વિસ્યુલા-ડાન્ઝિગ, વોર્સો. ઓડર-સ્ટેટિન, ફ્રાંકફોર્ટ, બ્રેસ્લો. એલ્બ-આલ્ટોના, હામ્બર્ગ, ડ્રેસ્ડન, પ્રેગ. હાઈન-આમ્સ્ટર્ડામ, લેડન, ઊટ્રેક્ટ. લ્વોર-નાન્ટ, ઓર્લીન્ઝ. ગેરોન-બોર્ડો, ટુલૂઝ. ડુરો-ઓપોર્ટો. ટેગસ-લિસ્બન, ટોલિડો. ડાન્યુબ-બ્યૂડા, પેસ્થ, પ્રેસબર્ગ, વાયેના. ડોન-ટેગનરોગ. વોલ્ગા-આસ્ત્રાખાન, નિજનીનોવગોરોડ. ઉરલ-ઓરેનબર્ગ.

આફ્રિકા—નાઈલ-ખાર્ટૂમ, કેરો, એલકઝેન્ડ્રિઆ, રોઝિટા, ડેમીએટા, પોર્ટસઈડ. નાઈજર-સેગો, ટિમ્બક્ટુ.

ઉત્તર અમેરિકા—સેન્ટ લોરેન્સ-ક્વેબેક, મોંટ્રીલ. મિસિસિપ્પિ-ન્યૂઓર્લીન્ઝ, સેન્ટલુઈ. રીઓગ્રાન્ડી-મેટમોરાસ, સેન્ટાફી. મેકેંઝી-ફોર્ટમેકફર્સન.

દક્ષિણ અમેરિકા—ઓરિનોકો-એંગોસ્ટુરા. એમેઝોન-સેંટારેમ.

---

## અંગ્રેજનાં પરદેશી રાજ્યો.

એશયા—સાઈપ્રસ, પેરિમ, એડન, ભરતખંડનો ઘણોક ભાગ, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ, સ્ટ્રેઈટસ સેટલમેંટસ, લબુઅન, હોંકોંગ.

યૂરપ—હેલિગોલંડ (એલ્બના મુખ આગળ), જીબ્રાલ્ટર, માલ્ટા, ગોઝો.

**આફ્રિકા**—બેથર્સ્ટ, સીએરાલીઓન, સેંટહેલીના અને એસેનશન દ્વીપો, કેપ કોલોનિ, નાટાલ, મોરિશ્યસ, એમિરેન્ટ, રોડ્રિગેઝ, સેશલ્ઝ (એ ચાર બેટો).

**ઉત્તર અમેરિકા**—કેનેડા અથવા બ્રિટિશ અમેરિકા, નોવા સ્કોશીઆ, કેપબ્રેટન, ન્યૂબ્રંઝ્વીક, ન્યૂફાઉન્ડલંડ, બ્રિ૦ હોનડુરાસ, વેંકૂવર બેટ, પ્રિન્સ એડવર્ડ બેટ, બર્મુડા, બાહામા, જમેઈકા.

**દક્ષિણ અમેરિકા**—બ્રિટિશ ગાયેના અને ફોકલંડ દ્વીપો.

**ઓશિઆનિઆ**—ઑસ્ટ્રેલિઆ, ટેસ્મેનિઆ, ન્યૂઝીલન્ડ, ફિજી દ્વીપો.

---

## જાણવાજોગ પરચુરણ બાબતો.

**ખંડો**—સૌથી મ્હોટો એશ્યાખંડ અને સૌથી નાનો યૂરપ. ઘણીજ વસ્તિવાળો એશ્યા અને ઓછી વસ્તિવાળો દક્ષિણ અમેરિકા. સૌથી ઘાડી વસ્તિવાળો યૂરપ. વિસ્તારના પ્રમાણમાં સૌથી ઘણી કિનારાની લંબાઈવાળો યૂરપ, અને સૌથી થોડી લંબાઈવાળો આફ્રિકા. સૌથી સુધરેલો યૂરપ અને સૌથી જંગલી આફ્રિકા.

**દેશો**—સૌથી ઉંચાણમાં આવેલો દેશ ટિબેટ અને સૌથી નીચાણમાં આવેલો હોલન્ડ. વિસ્તારમાં સૌથી મોટું અંગ્રેજી રાજ્ય. એથી ઉતરતું રૂશ્યાનું અને તેથી ઉતરતું ચીનાઈ રાજ્ય. વસ્તિમાં સૌથી મોટું ચીનાઈ રાજ્ય, એથી ઉતરતું અંગ્રેજી, અને એથી ઉતરતું રૂશ્યાનું.

**શેહેરો**—સૌથી મોટું શેહેર લંડન, એથી ઉતરતું પારિસ. અમેરિકામાં સૌથી મોટું ન્યૂ યૉર્ક, આફ્રિકામાં કેરો.

**દ્વીપો**—સૌથી મ્હોટો ઑસ્ટ્રેલિઆ. એથી ઉતરતા ગ્રીનલન્ડ, બોર્નિયો, ન્યૂગિની, મેડાગાસ્કર, સુમાત્રા, નિપોન, ગ્રેટબ્રિટન, સેલિબીસ, અને જાવા.

**પર્વતો**—સૌથી ઉંચો હિમાલય અને સૌથી લાંબો એન્ડિસ. સૌથી ઉંચું શિખર એવરેસ્ટ (હિમાલયનું) છે. સૌથી ભયાનક જ્વાળામુખી કોટોપેક્સિ (એન્ડિસનું શિખર) દક્ષિણ અમેરિકામાં છે.

**મહાસાગરો**—સૌથી મ્હોટો મહાસાગર પાસિફિક અને સૌથી નાનો ઉત્તર મહાસાગર. સૌથી અનિયમિત આકારનો, ઉંડો અને વહાણોથી ખેડાયલો આટલાંટિક.

**નદીઓ**—સૌથી મ્હોટી નદી એમેઝોન, સૌથી લાંબી મિસૂરી–મિસિસિપિ.

**સરોવરો**—સૌથી મ્હોટું ખારા પાણીનું સરોવર કાસ્પિઅન છે. સૌથી મ્હોટું મિઠા પાણીનું સુપીરીઅર છે. સૌથી નીચાણમાં આવેલું મૃત સરોવર છે.

# પૃથ્વીનો આકાર, પરિમાણ અને ગતિ.

**આકાર**—પૃથ્વીનો આકાર ગોળ છે, તોપણ છેક ગોળ નથી. એ ઉત્તર દક્ષિણ નારંગીની પેઠે ચપટી છે.

પૃથ્વી ગોળાકાર છે તેનાં પ્રમાણો:—

(૧) જ્યારે દરીઆમાં દૂરથી વહાણ આવતું હોયછે ત્યારે પહેલાં તો તેના ડોલનો ઉપલો ભાગ માલમ પડેછે; પછી જેમ જેમ તે નજદીક આવતું જાયછે તેમ તેમ તેનો વચલો ભાગ, પછી નીચેનો ભાગ એમ દેખાયછે. એજ પ્રમાણે વહાણમાં લોકોને પહેલાં કિનારાની ઉંચી જમીન દેખાયછે, પછી ધીમે ધીમે ઝાડો, ઘરો વગેરે માલમ પડેછે. પૃથ્વીની સપાટીમાં વાંક છે, તેથી એવું દેખાયછે.

(૨) ચંદ્રગ્રહણ વખતે ચંદ્રના બિંબ ઉપર પૃથ્વીની છાયા પડેછે તે હમેશાં ગોળ હોયછે.

(૩) જે લોકો વહાણમાં બેસી પૃથ્વીની પ્રદક્ષિણા કરેછે તેઓ સિધાને સિધા જતાં જે કોઈ બંદરેથી નીકળ્યા હોયછે તેજ બંદરે પાછા આવી પહોંચેછે.

પરિમાણ—પૃથ્વીનો વ્યાસ ૭,૯૧૨ માઈલ છે. એનો પરિઘ ૨૪, ૮૫૬ માઈલ છે, તથા એની સપાટી આસરે ૧૯૭,૦૦૦,૦૦૦ ચોરસ માઈલ છે.

ગતિ—પૃથ્વી ચંદ્રની પેઠે આકાશમાં અદ્ધર છે. તે સ્થિર દેખાયછે, પણ તે તેમ નથી. તે નિરંતર ફર્યાંજ કરેછે. તેને બે ગતિ છે—(૧) તે દરરોજ ૨૪ કલાકમાં એકવાર ફરી રહેછે, તેથી રાત અને દિવસ થાયછે. (૨) તે વરસમાં એકવાર સૂર્યની આસપાસ ફરી રહેછે, તેથી ઋતુઓના ફેરફાર થાયછે.



## પ્રશ્નો.

૧. દરેક મહાસાગરમાં પડનારી નદીનાં નામ કહો. દરેક ખંડમાં સૌથી મોટી નદી કઈ અને આખી દુનિયામાં સૌથી મોટી કઈ?

૨. નીચે લખેલાં શું છે, કયાં છે અને કોને તાબે છે:—

સગેલિયન, જીબ્રાલ્ટર, ફોર્મોસા, હોંગકોંગ, મકાઉ, ગ્રીનલંડ, જમૈકા, એલાસ્કા, ક્યૂબા, ટ્રિપોલિ, આઈસલંડ, મોરિશ્યસ, બુર્બો, બેથર્સ્ટ, કોકેસસ માન્તો, નાટાલ, ગાયેના, સેન્ટ હેલીના, કોરીઆ, ઓલ્જીરીઆ, ટિબેટ, અને કેપ કોલોનિ.

૩. ભરતખંડમાં દેશી રાજ્યો કયાં છે? તેમાં સૌથી મોહુ કયું? ગુજરાતમાં સૌથી મોહું કયું? અંગ્રેજના ભરતખંડના રાજકીય વિભાગો કયા કયા કીધા છે? અને તે ઉપર કોની કોની સત્તા છે? ભરતખંડમાં રણક્ષેત્રો કયાં છે? યાત્રાનાં સ્થળો કયાં છે? હવા ખાવાનાં સ્થળો કયાં છે?


૪. દરેક મહાસાગરમાં આવેલા દ્વીપો કહો. તેમાં અંગ્રેજના કયા છે?

૫. બધા ખંડોમાં કયા કયા દેશોને દરીઆકિનારો નથી?

૬. સરોવર કોને કહેવું? એથી ઉલટું શું? ભૂશિર એટલે? એનાથી ઉલટું? ખંડ એટલે? એનાથી ઉલટું? દેશ એટલે? એનાથી ઉલટું?

૭. દરેક ગોળાર્દ્ધમાં દરેક દિશાએ ભૂશિરો હોય તે કહો.

FINIS.


North
North
Atlantic Ocean
Pacific Ocean
Southern Ocean
South
A
Atlantic
B
D
Indian Ocean
Southern Ocean
South
Q

